## પ્રકરણ – ૨ સંસ્કૃત મહાકાવ્ય

(૧) મહાકાવ્યનો ઉદ્‌ભવ

(૨) મહાકાવ્યનો વિકાસ

(૩) મહાકાવ્યનાં લક્ષણો

(૪) મહાકાવ્યનું સ્વરૂપ

પાદટીપ

*        **પ્રસ્તાવના :**

સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય કૃતિઓનું સર્જન થયું છે. લૌકિક સંસ્કૃત સાહિત્યમાં રામાયણ અને મહાભારતને યુગવિશેષના પ્રતિનિધિરૂપ મહાકાવ્ય માનવામાં આવે છે. સંસ્કૃત મહાકાવ્યોની પરંપરા કાલિદાસના ગ્રંથોમાંથી મેળવવામાં આવે છે. પરંતુ કાલિદાસની પહેલા પણ આ વિષય ઉપર અનેક ગ્રંથ લખવામાં આવ્યા છે. સંસ્કૃત સાહિત્યની મહાકાવ્ય પરંપરાને જાગૃત કરતી અસંખ્ય કૃતિઓ આજે પ્રાપ્ત નથી. પરંતુ તેની સાબિતી રૂપ અસંખ્ય ઉદારણો બીજા અનેક ગ્રંથોમાં જોવા મળે છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં એકથી એક મહાન મહાકાવ્યની રચના થઈ છે.

સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યનો ઉદ્ભવ ખૂબ જ પ્રાચીન સમયમાં થયો જોવા મળે છે. મહાભારતકારે આખ્યાન, ઉપાખ્યાન, આખ્યાયિકા, કથા, પુરાણ અને ઈતિહાસ વગેરે આ બધા શબ્દોનો અર્થ સમાન રીતે પ્રાચીન વાર્તામાં પ્રયોજો છે. રામાયણ અને મહાભારતમાં જે વિભિન્ન આખ્યાનો–ઉપાખ્યાનોના વર્ણન જોવા મળે છે તે સંસ્કૃત મહાકાવ્યોનું ઉદ્ભવ સ્થાન છે. મહાભારતને સંસ્કૃત કાવ્યો, મહાકાવ્યો તથા બીજા ઉપજીવ્ય વિષયો અને ગ્રંથો ના મૂળ તરીકે માનવામાં આવે છે. રામાયણને પણ આપણે નિશ્ચિત રીતે મહાકાવ્યની શ્રેણીમાં રાખી શકીએ છીએ.

સંસ્કૃત સાહિત્યનાં કવિઓએ પોતાની કૃતિઓનું કથાનક પુરાણોમાંથી પણ લીધું છે. તે કવિઓએ તે કથાનકને કાવ્યરૂપથી સજજ કર્યું છે. તેને સજજ કરવા માટે રામાયણની શૈલીનો ઉપયોગ કર્યો છે. સંસ્કૃત સાહિત્યના ઉત્તરવર્તી મહાકાવ્યો આ બન્ને મહાકાવ્યોને આધારરૂપ માનીને કરાવમાં આવ્યા છે. મહાકવિ કાલિદાસનું મહાન રઘુવંશ મહાકાવ્યનું કથાવસ્તુ સૂર્યવંશ સમાન રઘુકુળમાંથી લેવામાં આવ્યું છે. આમ, સંસ્કૃત મહાકાવ્યની પરંપરા ખૂબ પ્રાચીન જોવા મળે છે.

**૧. મહાકાવ્યનો ઉદ્ભવ :**

સંસ્કૃત મહાકાવ્યનો ઉદ્ભવ ખૂબ જ પ્રાચીન કાળથી જોવા મળે છે. પ્રાચીન કવિઓએ પોતાના ભાવ,પોતાની ઉર્મિઓને કાવ્યરૂપે પ્રગટ કરી તે એટલે સંસ્કૃત મહાકાવ્ય.મહાકાવ્યનો ઉદ્ભવ એક સ્વતંત્ર તથા ખૂબ લાંબા સમયનો વિષય છે. વિશ્વમાં માનવજીવન અને સંસ્કૃતિનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ લોકોએ પોતાના હૃદયની ભાવનાઓને ગેયરૂપે માનવે અલગ–અલગ સ્વરૂપમાં પ્રસ્તુત કરી આમ આ અલૌકિક છંદોબાદ્ધ રચનાનો ઉદભવ પણ એટલો જ પ્રાચીન છે. જેમ જેમ ભાષાનો વિકાસ થતો ગયો તેમ–તેમ તે અસ્તિત્વમાં આવતા ગયાં. આ વિ ની રચના લયબદ્ધ થઈ હશે. આખુ વિ એક લયબદ્ધ સંગીતમાં રચાઇ રહ્યું છે. તેમાં એક લય સમાયેલો છે. આમ માનવે પોતાના ભાવોને લયબદ્ધ તાલમાં ગોઠવ્યું ત્યારે કાઇ કાવ્યનો ઉદ્ભવ થયો હશે.

વિ ના આદિ કાવ્ય રામાયણ અને મહાભારતની રચના થઇ તે પહેલા પણ કાવ્યના સર્જનની

પ્રવૃત્તિ ચાલુ હતી. ઋગ્વેદમાં પણ ઘણાં સૂકતતોમાં મધુર કાવ્યો જોવા મળે છે. ઋગ્વેદના ષા સૂકતોમાં કવિત્ત્યવનો આરંભ થયેલો જોવા મળે છે. તે ધીમે ધીમે આગળ વધીને વિકાસ પામી અને વિશાળ ક્ષેત્રમાં પરિણમી. તે રામાયણ અને મહાભારત જેવા ઐતિહાસિક મહાકાવ્યોનાં રૂપમાં સાકારીત થયું. આ કાવ્યપ્રવૃત્તિના આ વિકાસમાં પ્રાચીન આખ્યાન, ઉપાખ્યાન, ઈતિહાસ, કથા અને આખ્યાયિકાનો ઉપયોગ થયો હતો. આદિકવિ મહર્ષિ વાલ્મીકિની કાવ્યપ્રતિભાએ આ ક્ષેત્રમાં ખૂબ જ સમૃદ્ધિ વધારી છે. કાવ્યમાં ભાવ અને કલાઓને વ્યવસ્થિત સ્થાન આપ્યું છે. મહાભારત મહાકાવ્યે કાવ્યની પ્રાચીન શૈલીને આગળ વધારવાનું કાર્ય કર્યુ હતું.

મહાકાવ્યનું વિશ્લેષણ કરતાં લોકોને મહાકાવ્યમાં વિવિધ પ્રાકૃતિક વર્ણનો, છંદોનો યોગ્ય ઉપયોગ, અલંકારોનું આયોજન વગેરેના પ્રયોગો અતિ આવશ્યક લાગ્યા. તેવા પ્રયોગવાળા કાવ્યો જ મહાકાવ્યની શ્રેણીમાં સ્થાન પામી શકે. મહાકાવ્યનો વિકાસ રામાયણ–મહાભારતકાળ સુધી સતત થતો આવ્યો છે. જુદા જુદા વિદ્વાનો રામાયણને લોકપ્રિય મહાકાવ્ય તરીકે મહાભારતને અનલંકૃત મહાકાવ્ય તરીકે તથા અન્ય મહાકાવ્યોને અલંકૃત મહાકાવ્યો તરીકે ઓળખે છે.

મહાકાવ્યની પરંપરા મહાકવિ અ ઘોષ અને કાલિદાસ જેવા કવિઓનું અગ્રસ્થાન છે. તે કવિઓની કૃતિઓની પૂર્વે પણ કાવ્યોની રચના થતી જ હતી. વ્યાકરણ શાસ્ત્રી પાણિનીએ 'જાબવત્તી વિજય' મહાકાવ્યની રચના કરી હતી. તેમાં ૧૮ સર્ગમાં કાવ્યનું વર્ણન કરવામાં આવ્યુ હતુ. પાણિનીના સમકાલીન એક કવિએ 'બાલચરિત' નામે એક કાવ્યની રચના કરી હતી. યોગશાસ્ત્રનાં પ્રણેતા મહર્ષિ પતંજલિએ પોતાના ભાષ્યમાં અનેક કાવ્યનો ઉલ્લેખ કર્યો છે. તથા અન્ય શિલાલેખો વગેરેમાં પણ કાવ્યની રચના વિશે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૫૦ માં લખાયેલ રુદ્ર દામ્નનો શિલાલેખ, હરિષેણનો પ્રયાગનો શિલાલેખ, મંદસોરનો શિલાલેખ વગેરેનો અભ્યાસ કરતા માલૂમ પડે છે કે સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય નિર્માણ સતત ચાલુ જ હતું. સમયે સમયે પ્રખ્યાત કવિઓ થયા અને તેમણે પોતાની આવડત અને પ્રતિભા અનુસાર સમાજને માર્ગદર્શન આપવા માટે કાવ્યોની રચના કરી છે.

સંસ્કૃત સાહિત્યના મહાન કવિઓએ સ્વપ્રતિભાથી મહાકાવ્યનાં લક્ષણો બતાવ્યાં છે. તેમણે ભિન્ન ભિન્ન કૃતિઓના અભ્યાસ દ્વારા આ લક્ષણોને તારવ્યાં છે. ભામહ, દંડી, કૃન્તક વગેરેએ મહાકાવ્યનાં લક્ષણો આપ્યાં છે. તથા અલગ અલગ રીતો પ્રમાણે નિયમો સૂચવ્યા છે. તેમણે લક્ષણો તારવતાં સમયે અમુક મહાકાવ્યોને નજર સમક્ષ રાખ્યાં છે. મહાકાવ્યના ઉદ્ભવની દષ્ટિએ આર્ષ મહાકાવ્ય અને વિદગ્ધ મહાકાવ્ય એમ બે ભાગ વિવેચકો આપે છે. [૧] રામાયણ અને મહાભારત બે મહાકાવ્યો મહાપ્રબંધ કાવ્યો છે અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વારસ હોવાથી ઉદ્ભવ સ્થાનમાં તે પ્રથમ આવે છે.

પ્રાચીન બન્ને મહાકાવ્યોમાં ભારતીય સંસ્કૃતિના વ્યકિતતત્વનાં સાહસ, ધૈર્ય, સંયમ, લય, ત્યાગ,

ભોગ અને હૃદય ની વિશાળતા પ્રદર્શિત થાય છે. રામાયણ અને મહાભારત બન્ને પ્રાચીન મહાકાવ્યો હતાં એટલા માટે જ તે સમાજ ઉપર પ્રભાવ પાડી શકતયાં હતાં. તે બન્ને મહાકાવ્યોમાં સત્ય સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો હતો એટલા માટે આ બન્ને મહાકાવ્યો વિ   સાહિત્યમાં એટલાં પ્રસિદ્ધ થયા હતા. ''જ ાં સુધી આ પૃથ્વી ઉપર પર્વતો અને નદીઓ રહેશે ત્યાં સુધી રામાયણ કથા લોકમાનસમાં પ્રસિદ્ધ રહેશે એમ રામાયણમાં કહેવામાં આવ્યું છે. [૨] સંસારનાં જે પણ શ્રેષ્ઠ કવિઓ થશે તેમના માટે મહાભારત ઉપજીવ્ય બની રહેશે.[૩]

રામાયણ અને મહાભારત બન્ને મહાકાવ્યો બધા જ કવિઓ માટે ઉપજીવ્ય આધાર સામગ્રીરૂપ નિવડ ા છે. આ બન્ને મહાકાવ્યોમાં જે સત્યકાલિન સિદ્ધાંતો રજૂ કર્યા છે તે આજે પણ એટલા જ લોકપ્રિય છે. મહાકાવ્ય શબ્દ પ્રમાણે આ બન્ને કાવ્યોમાં મહાનતા સિદ્ધ કરવામાં આવી છે. સમય પ્રમાણે તેમાં યથા યોગ્ય ફેરફારો કરવામાં આવ્યા છે. મહાકાવ્યોના ઉદ્ભવ અને વિકાસમાં આ બન્ને મહાકાવ્યોનો અમૂલ્ય ફાળો રહ્યો છે. આ બન્ને મહાકાવ્યો પછીના જે કવિઓ થયા તેમણે આ બન્ને ને લક્ષમાં રાખીને પોતાની કૃતિઓનું સર્જન કર્યું છે.

## ૧.૧ 'મહાકાવ્ય' શબ્દ–પ્રયોગ :–

સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય મહાકાવ્યોની રચના થઈ છે, પરંતુ મહાકાવ્ય શબ્દનો પ્રયોગ સૌ પ્રથમવાર કોણે કર્યો હતો ? સંસ્કૃત આચાર્યોએ શ્રેષ્ઠ કવિઓની કૃતિઓને ધ્યાનમાં રાખીને મહાકાવ્યનાં લક્ષણો આપ્યા છે. મહર્ષિ વાલ્મીકિએ ઉત્તરકાંડમાં સૌપ્રથમ વાર ''મહાકાવ્ય'' શબ્દનો ઉપયોગ કર્યો હતો.[૪] 'काव्यस्य महतः कर्ता' એ શબ્દ યોજવામાં આવ્યો હતો. કવિ ભામહે 'सर्गबन्धो महाकाव्यं महतां च महत् ।'

તેમણે આપેલા પ્રકારોમાં મહાકાવ્યને સર્ગબદ્ધ કહ્યું છે. આ મહાકાવ્યમાં મહાન પુરુષોના શ્રેષ્ઠ ચરિત્રનું વર્ણન થયું છે. આલંકારિક ભામહે સર્ગબદ્ધ કહીને મહાકાવ્યના બાહ્યતત્ત્યવ અને આંતરિક તત્ત્યવને સૂચવ્યું છે.

સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્ય શબ્દનો ઉપયોગ ખૂબ જ પ્રાચીન છે. આચાર્ય ભામહે મહાકાવ્યની વ્યાખ્યા અને સ્વરૂપની ચર્ચા કરી છે. તે પ્રમાણે મહાકાવ્ય સર્ગબદ્ધ હોય છે. તે મહાકાવ્યનું કથાવસ્તુ ખૂબ જ ગંભીર હોય છે. તેનો નાયક મહાન હોય છે. મહાકાવ્યમાં નાયકના ગુણો ધીરોદાત્ત પ્રકારના હોય છે. ભાષામાં વિચિત્રતા જોવા મળે છે. કથાવસ્તુમાં આવતા વધારાના વર્ણન, તથા તત્ત્યવોને દૂર કરવામાં આવે છે. મહાકાવ્યમાં અલંકારોનો કથાનક પ્રમાણે પ્રયોગ કરવામાં આવે છે. વિવિધ ઋતુઓ, પર્વતો, નદીઓ, ચંદ્ર વગેરેનું વર્ણન કરવામાં આવે છે. મહાકાવ્યમાં ચતૃવર્ગની વાત કરવામાં આવે છે. નાયકનો વિકાસ પાંચ પ્રકારની સંધિઓ, અન્ય લોકોનું કલ્યાણ, વિવિધ પ્રકારના ભાવો અને રસનું વર્ણન હોય છે. મહાકાવ્યના નીયમો પ્રમાણે નાયકની મૃત્યુની ઘટના તેમાં દર્શાવવામાં આવતી નથી.[૫]

મહાકાવ્યોના લક્ષણોમાં દર્શાવવામાં આવ્યુ છે કે તેના વિષયને પ્રાચીન પરંપરાઓથી યુકતત બનાવવું જોઇએ. તેમ કરવાથી તે આવિસ્કૃત ન બને. નાયકને ઉદાત્ત અને વીરચિત ચિતરવો જોઇએ. વિવિધ વર્ણનો વિયોગ, પ્રેમાલાપ, વિવાહ સંતાન ઉત્ત્યપતિ, મૈત્રીઓની સભા, યુદ્ધ, નાયકના ગુણોના વર્ણન વગેરે બાબતોનાં વર્ણન વગર મહાકાવ્ય અધૂરું છે. આ બધા વર્ણનો તેને પ્રાચીનતા બક્ષે છે. મહાકાવ્ય એક જીવનની જીવંત પારદર્શીતા રજૂ કરે છે. મહાકાવ્ય જીવનનું વ્યાપક ક્ષેત્ર છે. તથા ઋતુઓ, પેઢીઓ સુધી ચાલનારી માનવીય ક્રિયાઓ અને બાહ્ય પરિસ્થિતિમાં અત્યંત સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે.[૬] પ્રાચીન વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થયેલું કથા તત્ત્યવ જેમાં ઘણાબધાં સંવાદોના રૂપમાં છે. ઉર્વશીની કથા શુદ્રો અને ભરતના યુદ્ધનું વર્ણન, મહાકાવ્યની કથાવસ્તુની પૂર્વછાયા ઉપસ્થિત કરે છે. જ ારે કોઇ યજ્ઞ સંચાલિત કરતા હતા ત્યારે પુરોહિતો અને ભાટો દ્વારા તેના ગીતોની પ્રશંસા કરવામાં આવતી હતી. આવા શુભ અવસર ઉપર દેવતાઓ અને વીર પુરુષની વાર્તા પણ કહેવામાં આવતી હતી. મહાભારતનો પહોલો પર્વ સભાપર્વ તેમાં વીર પુરૂષોની વીર ગાથાનું વર્ણનથી ભરપૂર છે. આ પર્વમાં પ્રાચીન રાજાઓની ઘણીબધી રસ સભર કથા પ્રસ્તુત કરવામાં આવી છે. અ મેઘ યજ્ઞના અવસર ઉપર કોઇ યુવરાજનું મહારાજના પદ ઉપર રાજ ાભિષેક કરવાનું સુચન થતુ હતું. કોઇ એક બ્રાહ્મણ દિન અને રાતમાં યુવરાજનાં પૂર્વજો, દેવતાઓ અને સૈનિકોના ગુણોની કથા ગીતોમાં કહેતા હતા. [૭]

સમય પસાર થતા ભાટો અને સૂતોની પરંપરાનો એક વર્ગ ઉત્પન્ન થયો. મહાભારતમાં ભાટ સૌતિ કહે છે, આ કથા ખૂબ જ પ્રાચીન છે. આ કથા મહર્ષિ વ્યાસ દ્વારા નૈમિષારણ્યમાં કહેવાવાળા લોકો માટે કહેવામાં આવી હતી. વિશિષ્ટ વર્ગના લોકોએ કાવ્યની કથાને ક્રમબદ્ધ સ્વરૂપમાં ગોઠવી છે. આમ કોઇ પ્રતિભાશાળી વ્યકિતતને સમાજની સામે આવવું હોય તો તે સમયે પૂરતી સામગ્રી તૈયાર હતી. આમાં પ્રથમ પ્રતિભાશાળી વ્યકિતત સમાજ સામે આવી તો તે મહર્ષિ વાલ્મીકિ હતા. જેમણે સંસારને અદ્વિતીય રામાયણ મહાકાવ્યની ભેટ આપી.[૮]

આજના વર્તમાન યુગમાં પણ રામાયણના રચનાકાળ વિશેનો પ્રશ્ન વણઉકેલ્યો છે. બૌદ્ધ ધર્મનો ધર્મગ્રંથ ત્રિપિટક પણ પ્રાચીન હોવા છતાં રામાયણ વિશે રામાયણ કંઇપણ માહિતી આપતો નથી. પરંતુ તેમાં એવા ગીતો છે જે રામકથાના ગીતો જેવા છે. પ્રાચીન ગીતોને આધારે કહી શકાય કે વાલ્મીકિએ રચના કરેલ રામાયણ ઇ.સ. પૂર્વ ૩ સદીમાં આકાર પામ્યું હશે.[૯] વાલ્મીકિના હાથો દ્વારા ગીતોને સામગ્રીને સર્જનાત્મક નવું પરિવર્તન કરવામાં આવ્યું. આ કાવ્યની ઉત્ત્યપતિ કથા માત્ર નથી સર્જનાત્મક પ્રવૃતિ હતી. એક વાર મૂનિ જંગલમાં પોતાની દૈનિક ક્રિયા કરવા માટે લાકડા લેવા જાય છે. ત્યારે તેણે ક્રોંચ પક્ષીના જોડાને એક વૃક્ષ પર બેઠેલું જોયું. ત્યારે એક શિકારીએ બાણ મારીને નર ક્રોંચ પક્ષીને મારી નાંખ્યુ. ત્યારે માદા પક્ષી ખૂબ જ આક્રંદ કરવા લાગ્યું. ત્યારે વાલ્મીકિના મુખમાંથી તે પારઘી માટે શ્રાપરૂપ શબ્દો સરી

૫ડ ા. પછી તેના સમાધાન રૂપે શિષ્યને કહ્યું, 'જે કંઇ મારા મોંમાંથી નીકળ્યું તે કવિતા અથવા લયપૂર્ણ અભિવ્યકિતત સિવાય બીજુ કાંઇ ન હોઇ શકે.[10]

આચાર્ય આનંદ વર્ધનના પછીના જે કવિઓ થયા તેમણે આ ઘટનામાં ઠીક ઠીક રસ સિદ્ધાંત જોયો તેમના મતે આ મહાકાવ્યમાં ભાવનાત્મક અનુભવ, લયપૂર્ણ અભિવ્યકિતત અથવા કવિતાની આત્મા તેનો મૌલિક આધાર અને પ્રેરણા છે.[11] પરંતુ આનંદવર્ધને કવિતાના આ વિસ્તારમાં વાલ્મીકિને આલોચકના રૂપમાં પણ જોયા છે. કવિ વાલ્મીકિની અંતઃનિરીક્ષણાત્મક શકિતતએ તેમને અતિ સંવેદનશીલ બનાવ્યા છે. તે લયપૂર્ણ અભિવ્યકિતત અને અચેતન સંબંધના વિશ્લેષણ કરવા માટે પ્રખ્યાત છે. વાલ્મીકિ પોતાની પ્રતિભાને મહાકાવ્યના વર્ણન દ્વારા વિ સમાજ સમક્ષ મુકી છે. તેમને કલાત્મક રીતે રજૂ કરી છે તથા તેને અર્થપૂર્ણ બનાવી છે. વસ્તુનિષ્ઠ સહસંબંધની ખોજની સમસ્યા આગળ વિચાર કરવા માટે પ્રેરિત કરે છે. તથા આમ તે રીતે સર્વોચ્ચ કવિતાની પરિભાષા તરફ આગળ વધે છે. જે સૃજનાત્મક ભાવનાની[12] સમસ્ત જટિલ માંગોને સમન્વિત કરે છે.

મહાકાવ્યની ભાષાને વ્યાકરણની દષ્ટિએ નિર્દોષ તથા વિદ્વાનો અને સામાન્ય વ્યકિતતઓ માટે બુદ્ધિગમ્ય હોવું જરૂરી છે. આ બધાની ઉપર તેમને સુસ્પષ્ટ હોવું જરૂરી છે. જેથી તેને અન્ય કોઇ સાંભળે તો તેનો અર્થ સ્પષ્ટ થઇ જાય. તેમણે આદર્શ વ્યકિતતનું વર્ણન કરવું જોઇએ કારણ કે તેને આદર્શતાની વધુ નજીક લઇ જવા માગે છે. તેમણે ઉચ્ચ દાર્શનિક વિચારોથી અભિપ્રેત હોવું જરૂરી છે. આ વિચાર માનવજીવનના બધા જ મૂલ્યોને ગ્રહણ કરતા–કરતા તેમાં એક પદ–સોપાન સ્થાપીત કરે છે. આને ઇન્દ્રિય જનિત કામપ્રવૃત્તિની સંતુષ્ટિને યોગ્ય સ્થાન દેવડાવવું જોઇએ. પરંતુ તેનું નૈતિક બળ મનુષ્યના નૈતિક સ્વરૂપ, નૈતિક ઉત્તરદાયિત્વ તથા સમ્માન પર હોવું જોઇએ. કલા જીવન તરફના સુખમય અનુભવો અને કલાત્મક દ્રષ્ટિમાં છુપાયેલી હોય છે.

આદિ કવિ વાલ્મીકિ કવિતાની સર્વોચ્ચ ઔપચારિક આવશ્યક પોતાની પરિભાષામાં પૂર્ણરૂપે સ્વીકાર કરે છે. છતાં પણ તે અમુક અધિકારને છોડવા માટે તત્પર નથી તે જીવનનો આધાર કલા, પ્રેરણા અને ઔચિત્ય છે. કલાના માધ્યમ દ્વારા જીવનને જોવાનો મહેસૂસ કરવાનો અધિકાર છે. કલામાં જીવનનો અર્થ જોવો જોઇએ. કવિ આગળ કહે છે કે મહાકાવ્યના રૂપને સંવેગાત્મક અનુભવને વિસ્તૃત રીતે પોતાનામાં સમાવી લેવો જોઇએ. કલાની ઔપચારિકતાના અધિકારને નિર્ધારિત કર્યા પછી તેના મૌલિક આધાર અને સંવેગ તરફ દ્રષ્ટિ કરવી જોઇએ. ભાવ કથાશિલ્પમાં સ્થાપિત છે. વાલ્મીકિએ આ કથાની રચના કરવા માટે અનેક પ્રકારના તત્ત્વોનું મિશ્રણ કરેલું છે.

મહાકાવ્યોની ઉત્પત્તિ વિશે અન્યત્ર પ્રમાણો પણ તપાસવા જોઇએ. બીજી સદીમાં પતંજલિએ મહાકાવ્યોની રચના વિશે માહિતી પૂરી પાડી છે. તેમના મત અનુસાર વરરુચિએ એક કાવ્ય અને વાસવદત્તા,

સોમનોત્તર તથા ભૌમરથિ નામની ત્રણ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ કૃતિઓ આપણા સુધી ન પહોંચી શકી. તેમાં ચાલીસ અધ્યાયોમાં મનોરંજક સામગ્રી પ્રાપ્ત થાય છે. તેમાં છંદોબદ્ધ નિરૂપણ કરવામાં આવ્યું છે. તેની વાકતય રચના કાવ્ય રચનાની જેમ જ જોવા મળે છે. પ્રાચીન મહાકાવ્યોમાં લયબદ્ધ રીતે શબ્દરચના તથા અલંકારોનો પ્રયોગ થતો. મહાકાવ્યો તેની રચના અને ઉત્પત્તિને કારણે સમાજમાં પ્રસિદ્ધિ પામતા હતા. જયાં સુધી પૃથ્વીનું અસ્તિત્વ હશે ત્યાં સુધી મહાકાવ્ય ટકી રહેશે.

**૧.૨ મહાકાવ્યનાં વર્ણનો :**

મહાકાવ્યમાં વિવિધ પ્રકારના વર્ણનોની ગૂંથણી કરવામાં આવે છે. આચાર્ય દંડીના મત પ્રમાણે મહાકાવ્યની શરૂઆત આર્શીવચન અથવા વસ્તુનિર્દેશ કે નમસ્કારથી કરવામાં આવે છે. મહાકાવ્યનું કથાવસ્તુ ઈતિહાસ પ્રસિદ્ધ હોવું જોઈએ. કોઇ સજજન વ્યકિતતના જીવન ચરિત્ર ઉપર પણ આધારિત હોઇ શકે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ થવી જોઇએ. મહાકાવ્યમાં નાયકનો અભ્યુદય થયો હોય તેવું બતાવેલું હોવું જોઇએ. મહાકાવ્યમાં વિવિધ વર્ણનો જેવા કે સૂર્યનું વર્ણન, પર્વતનુંવર્ણન, ચંદ્રનું વર્ણન, નગરોનું, ઋતુઓનું વર્ણન વગેરે પ્રકારના વિવિધ વર્ણન હોવા જરૂરી છે. મહાકાવ્યમાં સર્ગ ખૂબ જ મોટો ન હોવો જોઇએ. યોગ્ય નિયમ પ્રમાણે સર્ગો હોવા જોઇએ. આવું મહાકાવ્ય વર્ષો સુધી પ્રસિદ્ધિને પામે છે.

મહાકાવ્યના વર્ણન કલાના પ્રશ્ને જુદા જુદા આચાર્યોએ અલગ–અલગ મતો રજૂ કર્યા છે. મહાકવિ દંડી વસ્તુનિર્દેષ, નમસ્ક્રિયા, આર્શીવચન વગેરે પ્રથમ આવે છે તેમ કહ્યું છે. તેમણે પોતાના ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે કે મહાકાવ્યમાં વર્ણન કરતા સમયે રસોત્સવ, ઉદ્યાન, સલિલક્રિયા વગેરે પ્રકારના વર્ણનો આવશ્યક ગણાવ્યા છે. તથા સર્ગને અંતે વૃત્તિમાં ભિન્નતા લાવવાનું કહ્યું છે. આ પ્રકારના બાહ્ય લક્ષણોને મહાકવિ દંડીએ મહત્વ આપ્યુ છે. મહાકવિ દંડીની વ્યાખ્યાને વિ  નાથ, હેમચન્દ્રાચાર્ય અને અગ્નિપુરાણે સ્વીકારી છે. તથા મહાકવિ દંડીએ જે લક્ષણો આપ્યા છે તે જ લક્ષણો ત્યાર પછીના વિદ્વાનોએ સ્વીકાર્યા છે. દંડીએ ભામહના તત્ત્યવોને સ્વીકાર્યા નથી પણ પોતાના સ્વતંત્ર મતો સ્વીકાર્યા છે. મહાન પુરુષોની મહાન વાત એ તો મહાકાવ્યનું સૌથી પ્રથમ તત્ત્યવ હોવું જોઈએ.

સંસ્કૃત વિદ્વાનોએ સ્વીકાર્યું છે કે વિશિષ્ટ વર્ણનકલા દ્વારા કોઇપણ કાવ્ય દિપી  ઠે છે, માટે કૃતિને મહાનતાના શિખર ઉપર ચડાવવી હોય તો તેમાં સમુચિત વર્ણન કલાનું મિશ્રણ અત્યંત આવશ્યક છે. વિવિધ વર્ણનો જેવા કે નદી, પર્વતો, ચંદ્રોદય, સૂર્યોદય, સંધ્યા વર્ણન, પ્રકૃતિનું વર્ણન, પર્વતોનું વર્ણન અને ઋતુઓનું વર્ણન મુખ્ય છે. આ બધા વર્ણનોમાં કવિ કુશળતા ધરાવે તો જ તે પોતાના કાવ્યને સફળ તાના શીખર સુધી પહોંચાડી શકે છે.

**૧.૩ મહાકાવ્યોનો માપદંડ :**

સંસ્કૃત સાહિત્યમાં વિદ્વાનોએ મહાકાવ્યની પોતાના મતો અનુસાર વ્યાખ્યા કરી છે. તથા તેનું

માપદંડ રજૂ કર્યું છે. અગ્નિપુરાણમાં મહર્ષિએ મહાકાવ્યને સર્ગબદ્ધ રચના કહી છે. તેમના મત અનુસાર મહાકાવ્યમાં અલગ–અલગ છંદોનો પ્રયોગ, ઈતિહાસમાં હોય તેવું અને પ્રખ્યાત મહાપુરુષના જીવન આધારિત કથાવસ્તુ હોવું જોઇએ. નગર વગેરેનું વર્ણન હોવું જોઈએ. બધી જ રીતિઓ, વૃત્તિ અને રસોનો સમાવેશ થયેલો હોવો જોઇએ. અગ્નિપુરાણકાર તેનાથી પણ આગળ કહે છે કે, ચારેય પુરૂષાર્થોની પ્રાપ્તિ થવી જોઈએ.[૧૩]

મહાકવિ દંડીએ મહાકાવ્યની બાબતમાં ખૂબ જ સચોટ વ્યાખ્યા આપી છે. અગ્નિપુરાણમાં પણ તેના જેવી જ વ્યાખ્યા પ્રાપ્ત થાય છે. અગ્નિપુરાણ એ મહાકવિ દંડીની રચના પછીની કૃતિ તેમાં બધા જ વિદ્વાનો સહમત છે. કેટલાય સમય સુધી સંસ્કૃત કાવ્યો ઉપરાંત અન્ય ભાષા પ્રાકૃત વગેરેમાં પણ કાવ્યનિર્માણ વ્યવસ્થિત રીતે થવા લાગ્યુ હતું. તેના ઉપર રામાયણ, મહાભારત તથા અન્ય કથાઓનો પ્રભાવ પડો હતો. આમ તે સમયે અનુરૂપ મહાકાવ્યની વ્યાખ્યા આપવાનો સમય હતો. આ સમયગાળા દરમ્યાન કવિ રુદ્રટનો જન્મ થયો હતો અને તેમણે વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને મહાકાવ્યની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેના મતાનુસાર વિશેષ વ્યાપવાળુ દષ્ટિબિંદુ મધ્યમાં રાખીને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ વગેરેને સમાવીને તેમના લક્ષણો પ્રમાણે કાવ્ય નિર્માણ કરવું જોઈએ. મહાકાવ્યમાં ઉત્પાદ્ય કે અનુત્પાદ્યયુકતત કવિતા હોય છે. કવિ રુદ્રટે વર્તમાન સમાજને લક્ષમાં રાખીને મહાકાવ્યની વ્યાખ્યા આપવામાં પ્રામાણિકતા દર્શાવી છે.

ભામહ જેવા કવિએ પણ મહાકાવ્યનું માપદંડ આપ્યુ છે. તેમણે મહાકાવ્યના બાહ્ય લક્ષણોને ઉપયોગી ગણ્યા નથી. તથા તેમણે તેના વિશે વધારે ચર્ચા પણ કરી નથી. તેમના મતે સર્ગ સંખ્યા, વર્ણ્ય વિષયોનો ક્રમવાર ઉલ્લેખ, નાયકના પાત્રોનો ઉલ્લેખ, છંદ વગેરે તથા આશીર્વાદ, નમસ્ક્રિયા અને વસ્તુ વગેરે નથી. કવિ ભામહ મહાન ઉચ્ચ વિષય, ઉચ્ચ નાયક, નાયકનો અભ્યુદય, મોક્ષની પ્રાપ્તિ, લોકમાનસ, પંચ સંધિ, સદ્ગુણશ્રય, રસોની અભિવ્યકિતત વગેરેને મહાકાવ્યના લક્ષણો ગણે છે. કવિ ભામહે કોઇ આર્ષ કાવ્યને લક્ષમાં રાખીને મહાકાવ્યના લક્ષણો આપ્યા હોય તેવું જણાય છે.

## ૨. મહાકાવ્યનો વિકાસ :

ભારતીય પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય પ્રકારના ઉચ્ચ કોટિના કવિઓ થઇ ગયા છે. તેમણે લોકોને દિર્ઘકાળ સુધી માગદર્શનરૂપ રહે તેવા શ્રેષ્ઠ દિવ્ય સાહિત્યનું સર્જન કર્યું અને આપણી સમક્ષ પ્રસ્તુત છે. પ્રાચીન કાળથી લઈને આજસુધી સંસ્કૃત સાહિત્યમાં કંઈક નવું ને નવું સર્જન પામ્યુ છે. સંસ્કૃત સાહિત્યનો ઉદ્‌ભવ ખૂબ જ પ્રાચીન છે તે શાંત સ્થિતિમાં તેનો ઉદ્‌ભવ અને વિકાસ થયેલો જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં એકથી એક શ્રેષ્ઠ મહાકાવ્યો નિર્માણ પામ્યા છે અને તેનો વિકાસ પણ નિરંતર ગતિએ થતો આવ્યો છે. પ્રાચીન સંસ્કૃત કવિઓના નિઃસ્વાર્થ ભાવ અને તેના નિઃસ્વાર્થ પરિશ્રમનું ફળ એટલે સંસ્કૃત મહાકાવ્યો. સંસ્કૃત મહાકાવ્યો પોતાના કર્તાને વિ   સાહિત્યમાં આદર અપાવે છે. આમ પ્રાચીન કાળથી જ સંસ્કૃત મહાકાવ્યનો વિકાસ નિરંતર ગતિએ આગળ ચાલતો રહ્યો છે.

પ્રાચીન સંસ્કૃત કવિઓ રાજાના આશ્રિત રહિને કલાનું સર્જન કર્યું છે. તેમણે પોતાના આશ્રયદાતાને ખૂશ કર્યા અને સાહિત્ય જગતને એક ઉત્તમોત્તમ કૃતિની ભેટ આપી છે. રાજા વિક્રમાદિત્યના નવરત્નો માના એક કવિ કાલિદાસ તેના આશ્રયે રહે છે. અને સંસ્કૃત સાહિત્ય જગતમાં શ્રેષ્ઠ મહાકાવ્યોનુ પ્રદાન કરે છે. રાજા હર્ષવર્ધનના દરબારમાં રહીને કવિ બાણ શ્રેષ્ઠ કવિનું બિરુદ પ્રાપ્ત કરે છે. આ રાજાઓ પણ તેના આશ્રયે રહેલા કવિને કાવ્ય નિર્માણ કરવા માટે પ્રેરણા આપતા હતા.[૧૪] રાજા તેને જરૂરી મદદ પૂરી પાડતા હતા અને તેને બધા જ પ્રકારની સગવડતાઓ પુરી પાડતા હતા. રાજાની રંગશાળામાં તે કૃતિઓને ભજવવામાં આવતી હતી. આમ એ કૃતિ જન ભોગ્ય બનતી અને ધીમે ધીમે સમગ્ર ક્ષેત્રમાં વિકસીત બનતી હતી.

સંસ્કૃત કાવ્ય સાહિત્યના બીજ પુરાણ, રામાયણ, મહાભારત વગેરેમાં પડેલા દેખાય છે. વેદોની વર્ણન પરંપરામાં પણ તે દેખાય આવે છે. તેના મંત્રોમાં પણ કાવ્યત્વના બીજ પડેલા દેખાય છે. રામાયણ મહાભારત વગેરેમાં તેના સ્પષ્ટ લક્ષણો દેખાય આવે છે. અ   ઘોષ, મહાકવિ કાલિદાસ વગેરે શ્રેષ્ઠ કવિઓએ ઉત્કૃષ્ટ મહાકાવ્યોનું નિર્માણ કર્યુ અને તે મહાકાવ્યો ધીરે ધીરે સાહિત્ય જગતમાં પ્રસિદ્ધ બન્યા અને તેનો સતત વિકાસ થતો રહ્યો. પ્રાચીન કવિઓમાં અ   ઘોષથી શરૂ કરીને અર્વાચીન સમય સુધી મહાકાવ્યોની રચના થઇ છે અને તેમાં લક્ષણોનું વર્ણન થયુ અને મહાકાવ્યનો ધીમે ધીમે વિકાસ થતા તે આજે શ્રેષ્ઠ સાહિત્યમાં સ્થાન પામ્યા છે.

સંસ્કૃત સાહિત્યના પ્રથમ કવિ અ   ઘોષ મનાય છે. તેમણે 'સૌન્દરાનન્દ' અને 'બુદ્ધચરિત' નામના બે મહાકાવ્યોની રચના કરી છે. અ   ઘોષના સમયની બાબતમાં વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. અ   ઘોષ અને કાલિદાસના સમયમાં સમાનન્તરતા મળે છે. અનેક વિદ્વાનો અ   ઘોષને ઇ.સ. ની બીજી સદિમાં થયાનું માને છે. તેના ગ્રંથોના સંદર્ભમાથી તે સાબિત થાય છે કે અ   ઘોષ અયોધ્યાના રહેવાસી હતા.

તે બોદ્ધભિક્ષુક હતા અને તેની માતાનું નામ સુવર્ણાક્ષી હતુ. અ  ઘોષ સ્વયં અયોધ્યાના નીવાસી હતા એટલા માટે રામાયણ મહાકાવ્યનો પ્રભાવ તેના ઉપર વિશેષ હતો. સિદ્ધાર્થના સંસાર ત્યાગના પ્રસંગને વાલ્મીકિ રામાયણ મહાકાવ્યમાં આવતા શ્રીરામના રાજ  ત્યાગ સાથે સરખાવે છે. બુદ્ધચરિત મહાકાવ્ય પણ રામાયણ મહાકાવ્ય જેટલું જ પ્રસિદ્ધ થયું હતુ. આ તેનો વિકાસ છે. ચીનના યાત્રીએ પણ સાતમી સદિમાં પોતાના પ્રવાસ વર્ણનમાં લખ્યું છે અને બુદ્ધચરિત મહાકાવ્યના વખાણ પણ કર્યા છે.

મહાકવિ અ  ઘોષ એક ધર્મવિષયક કવિ ન હતા. તે એક પ્રતિભાસંપન્ન કવિ હતા. અને સમાજ પ્રત્યે તેનું શ્રેષ્ઠ યોગદાન રહ્યું છે. તેની કૃતિમાં ગંગા નદીનું સૌંદર્ય દિપી  ઠે છે. તળાવમાં પક્ષીઓ હવાની લહેરો સાથે તરે છે. કવિ અ  ઘોષ મહાકાવ્ય દ્વારા માનવ સ્વભાવનો પણ અભ્યાસ કરે છે. પસાર થયેલી ઋતુ ફરીથી આવે છે. અર્ધ થયેલો ચન્દ્ર ફરી વિકસીત થાય છે. પરંતુ મનુષ્યનું યૌવન ફરી પાછુ આવતુ નથી. તેનામાં જીવનને શાંતિપૂર્ણ બનાવવાની, મનુષ્ય–મનુષ્ય વચ્ચેના સંઘર્ષને પૂર્ણ કરવાની, દુઃખોને દુર કરવાની તથા માનવ્ય જીવન સાહસપૂર્ણ વ્યતિત કરવાની ઉત્કટ ઇચ્છા હતી. આ ભાવનાત્મક ઉત્કર્ષની પૃષ્ઠભૂમિ તેની સમગ્ર કૃતિમાં વ્યાપ્ત થયેલી જોવા મળે છે. કાવ્યાત્મક પ્રવૃતિનો વિકાસ અધિક ઉત્કૃષ્ટ મહાકાવ્યોનો વિકાસ કરે છે.

મહાકવિ અ  ઘોષના સમયથી મહાકાવ્યનો વિકાસ અવિરત ચાલુ થયો છે. પ્રાચીન સમયમાં કવિઓની કૃતિઓને રંગમંચ ઉપર ભજવવામાં આવતી હતી અને મહાકાવ્ય ૧૮ સર્ગનું છે. તેમાં બુદ્ધ સંસારનો ત્યાગ કરે છે જ ારે નંદ પોતાની પત્નીમાં વધારે આસકતત બને છે. એકવાર તે પતિ–પત્ની બન્ને બેઠા હોય ત્યા ભિક્ષા લેવા માટે બુદ્ધ ત્યાં આવે પરંતુ તે બન્ને તેનો અવાજ સાંભળતા નથી. પાછળથી ખબર પડે ત્યારે નંદ તેને શોધવા માટે તેની પાછળ જાય છે. બુદ્ધનું આકર્ષણ નંદને વશીભૂત કરે છે અને તે બૌદ્ધ સંગમાં ભળી જાય છે. પરંતુ તે પરીપકતવ થયો ન હોય એટલે સાધુ બનવાથી તેને પછતાવો થાય ત્યારે તેને સ્ત્રીની આસકિતત ભૂલાવવા વિવિધ પ્રયુકિતતઓ યોજવામાં આવે છે. આ શ્રેષ્ઠ મહાકાવ્ય માનવ્ય જીવને તુચ્છ કામના છોડવાનો ઉપદેશ આપે છે આ શ્રેષ્ઠ મહાકાવ્ય સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ થયુ છે અને તેનો વિકાસ પણ અવિરત પણે ચાલુ રહ્યો છે. આવા શ્રેષ્ઠ મહાકાવ્યોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને અસંખ્ય કવિઓએ મહાકાવ્યોનું નિર્માણ કર્યું છે.

મહાકવિ અ  ઘોષનું બુદ્ધચરિત નામનું અઠ્ઠાવીસ સર્ગનું મહાકાવ્ય પણ પ્રસિદ્ધ છે. તે બુદ્ધના જીવન સબંધી મહાકાવ્ય છે. તેમાં બુદ્ધના જન્મથી શરૂ કરીને અશોકના શાસનકાળમાં થયેલી બૌદ્ધ સભાના વર્ણન સાથે તે પૂર્ણ થાય છે. આ કાવ્ય ફકતત તિબ્બત અને ચીનની ભાષામાં જ સુરક્ષિત રહી શકતયુ છે. આ મહાકાવ્યનો પણ ખૂબ જ વિકાસ થયેલો જોવા મળે છે. તેનો જે સંસ્કૃત પાઠ આજ ઉપલબ્ધ છે તે બીજાથી તેર સર્ગ સુધી જ છે તથા પહેલો અને ચૌદમો સર્ગ અપુર્ણ પ્રાપ્ત થયા છે. મહાકાવ્યમાં વિશિષ્ટ

વર્ણનકલાને કારણે આ કાવ્ય ખૂબ જ પ્રસિદ્ધ થયુ છે. ધર્મ વિશેષ કરતા કોઇ જીવનનો ઉદાત્ત દષ્ટિકોણ જ અ ઘોષનો પ્રેરણા સ્ત્રોત છે. તેમની શૈલી, વર્ણનકલા વગેરેમાં તે કવિ વાલ્મીકિના આભારી છે.

અ ઘોષના મહાકાવ્યો મહાકાવ્યના વિકાસની બાબતમાં સહમત છે. તેમના મહાકાવ્યોમાં બધા જ લક્ષણો દષ્ટિગોચર થતા નથી પરંતુ મહાકાવ્ય નિર્માણ કરવાની શરૂઆતનો તે પાયો હતા. તેના મહાકાવ્યો વર્ણન શુદ્ધ તથા પ્રાસંગિક ભાષણો વિહિન છે. તથા પ્રત્યેક સ્થાન માટે સતર્કતાપૂર્વક નિર્દેશ કરવામાં આવ્યો છે. 'पद्य चूडामणि' નામનું એક અન્ય મહાકાવ્ય પણ પ્રાપ્ત થાય છે. તેમના કર્તા બુદ્ધઘોષ હતા તેમણે અ ઘોષ અને કાલિદાસની શૈલીનો ભરપૂર ઉપયોગ કર્યો છે. તે પ્રખ્યાત ભાષ્યકાર ન હતા. તેમનો કાવ્યાત્મકગુણ વિશેષ ઉત્કૃષ્ટ નથી. તેમના વર્ણનકલા, અલંકાર પ્રયોગ વગેરેમાં પણ બહુ વિચિત્રતા જોવા મળતી નથી. તે બુદ્ધઘોષ કવિ કાલિદાસ અને અ ઘોષના કાવ્યોથી સારી રીતે પરિચિત હોય તેમ લાગે છે. તેમના કાવ્યોમાં કાલિદાસ અને અ ઘોષની કૃતિઓનો પ્રભાવ સારી રીતે જોવા મળે છે. મહાકાવ્યોના વિકાસમાં આ બધા જ કવિઓનો ફાળો રહેલો છે અને આમ ધીમે ધીમે શરૂઆત થઇને આજે મહાકાવ્યોનો વિકાસ શ્રેષ્ઠ ક્ષેત્રમાં પ્રવેશ પામી ચૂકતયો છે.

સંસ્કૃત સાહિત્યમાં કવિ અ ઘોષ પછી જો કોઇ કવિઓની ગણના કરવામાં આવે તો તે કાલિદાસ છે. મહાકવિ કાલિદાસ અ ઘોષ પછી થઇ ગયેલો છે. છતાં પણ તેમના સમય બાબતે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. પાઠક, વિન્ટરનિત્જ અને થોમસ જેવા વિચારકોએ કવિ કાલિદાસના સમય નિર્ધારણ બાબતે વિવિધ મતો રજૂ કર્યા છે. કવિ કાલિદાસ રાજા અગ્નિમિત્ર પછી અને એહોલના પ્રસિદ્ધ શિલાલેખ પહેલા થઇ ગયા હતા. આ શિલાલેખમાં કાલિદાસનો પ્રસિદ્ધ કવિ તરીકે ઉલ્લેખ કરેલ જોવા મળે છે. મોટા ભાગના વિદ્વાનોના મતે કાલિદાસ ગુપ્તકાળમાં વિક્રમાદિત્યના સમયમાં થઇ ગયા હતા. આ મત સર્વ સ્વીકૃત અને બધાને માન્ય છે.

સંસ્કૃત સાહિત્યમા મહાકવિ કાલિદાસ મેઘદૂત, રઘુવંશ, કુમારસંભવ, ઋતુસંહાર વગેરે જેવા વર્ણનાત્મક કાવ્યો તથા માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય અને અભિજ્ઞાનશાકુન્તલમ જેવા શ્રેષ્ઠ નાટકોના કર્તા માનવામાં આવે છે. કવિ કાલિદાસ પોતાની કૃતિમાં પૂર્ણ રીતે અભિવ્યકતત થયેલા દેખાય છે. કવિ કાલિદાસે પૃથ્વીના બધા જ સમસ્ત સુંદર તત્ત્યવોને પોતાના કાવ્યોમાં સમાવેશ કર્યો છે. ઋતુસંહાર કાલિદાસ ની પ્રથમ કૃતિ છે છતાં પણ પ્રકૃતિ વર્ણનમાં કવિએ કોઇપણ તત્ત્યવોને છોડ ા નથી. આ છ સર્ગનું વર્ણનાત્મક કાવ્ય છે જેમાં ગ્રીષ્મ ઋતુથી શરૂ કરીને છએ ઋતુનું વર્ણન રોચક રીતે રજૂ થયુ છે. શૈલી, વ્યંજના વગેરેની દષ્ટિએ ઋતુસંહાર અને મેઘદૂત મહાકાવ્ય જેવું લાગે છે. છતા પણ આ બન્નેમાં મહાકાવ્યના જેવો વિસ્તારનો અભાવ જોવા મળે છે. છતા પણ આ બન્ને પછીના મહાકાવ્યોને વિકાસની બાબતમાં સહાયરૂપ બને છે. કવિ કાલિદાસ ના કાવ્યો મહાકાવ્યના લક્ષણને અનુરૂપ રચવામાં આવ્યા છે એટલા માટે મહાકાવ્યના વિકાસમાં કવિ કાલિદાસનો ખૂબ જ મોટો ફાળો રહેલો છે.

મહાકવિ કાલિદાસની બે શ્રેષ્ઠ કૃતિ 'રઘુવંશ' અને ''કુમારસંભવ' સંસ્કૃત સાહિત્યના પાંચ મહાકાવ્યોમાં સ્થાન પામી છે. આ બન્ને કૃતિ મહાકાવ્યનું વિકસિત રૂપ છે. આ બન્નેમાં મહાકાવ્યોના બધા જ લક્ષણોનું પાલન થયેલું જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠ અને અનુપમ કૃતિ આ બન્ને મહાકાવ્યો છે. કાલિદાસની નાગરિક અને સંવેદનશીલ કાવ્યાત્મક બુદ્ધિએ વિ ને એક નવો જ રસ્તો બતાવ્યો છે. કાલિદાસે ઉપનિષદની જેમ સત્ય વાસ્તવિકતાને સ્વીકારી છે. કુમારસંભવ મહાકાવ્યની એક સ્તુતિમાં કહ્યુ છે કે ''તમે જ જગતના આદિ છતા પણ આદિ રહિત, જગતના વિનાશક છતા સ્વયં અવિનાશી અને આ સંસારના આરંભકર્તા છતા પણ આરંભરહિત છો. તમે જ આ સંસારના પ્રતિપાલક છો છતાં પણ તમારું પ્રતિપાલક કોઇ નથી.'' એક કવિ કરતા વૈયકિતતક ધારણા આમ સ્પષ્ટ દેખાય આવે છે. તે ભગવાનને કહે છે કે તમે સ્થૂલ, સૂક્ષ્મ, પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ માલૂમ પડો છો.

રઘુવંશની એક વિષ્ણુસ્તુતિમાં અંર્તવ્યકિતતત્ત્વ અને વૈયકિતતત્વ ઉપર સમાન રીતે બળ આપવામાં આવ્યુ છે. ''તમે દૂર છતાં પણ અત્યંત નજીક, વાસનાથી રહિત, હૃદયથી દયાળુ, પુરાતન છતાં આયુષ્યથી મુકતત છો.'' તેમનું કહેવું છે કે કર્તવ્યના સબંધમાં શંકાની દષ્ટિમાં અંતરાત્માની વાણી અને હૃદયની બુદ્ધિને જ પ્રમાણ માનવું જોઈએ. તેમણે અંતરાત્માની માનવ વાણીને સાંભળી હતી. જે વિ આત્માની વાણી હતી. કવિએ ભગવાનના પ્રમાણોમાં સર્વથી અધિક પ્રામાણિકતા દેખી છે. ઇ રના અસ્તિત્વના સંબંધ સંશય ન હોવો જોઇએ તેને સિદ્ધ કરવા માટે આઠ પ્રત્યક્ષ પ્રમાણ પ્રાપ્ત કરે છે. પૃથ્વી જે બધા જ પ્રાણીઓને ધારણ કરે છે; પવન જે બધા જ સ્થાનમાં વ્યાપ્ત છે; અગ્નિ જે પવિત્ર કરે છે અને કવિને તત્ત્યવોમાં પ્રથમ છે; સૂર્ય અને ચન્દ્ર જે સમયના નિયામક છે; આકાશ જેના ઉપર બધુ જ આધારિત છે; મનષ્ય જે ત્યાગની ભાવના સાથે બીજાના હિત ખાતર કાર્ય કરે છે. કવિ કાલિદાસની કૃતિઓ આ બધા શ્રેષ્ઠ ઉપદેશોને કારણે જ મહાકાવ્યોમાં સ્થાન પામી છે અને પછીના કવિઓને માર્ગદર્શનરૂપ બની શકી છે. મહાકાવ્યોનો વિકાસ તેને જ કહી શકાય જે કાવ્યોમાં વિદ્વાનોએ દર્શાવેલા લક્ષણોનો સમુચિત રીતે પ્રયોગ થયેલો હોય.

મહાકવિ કાલિદાસના કાવ્યોમાં એક સમગ્ર વિ ભાવના, ગંભીર કાવ્યાત્મક સંવેદનશીલતા, માનવ અને પ્રકૃતિનો અજોડ સંબંધ આ બધા તત્ત્યવોને કારણે સાહિત્ય જગતમાં બધા જ કાવ્યો શ્રેષ્ઠ સ્થાન પામ્યા છે. કાલિદાસ તથા તેના પૂર્વના કવિઓ વાલ્મીકિના વર્ણનસ્થળથી આકર્ષિત થઇને તેને મહાકાવ્યોની અપરીહાર્ય વિશેષતા બનાવી છે. વિદ્વતા નિઃસંદેહ કથાવસ્તુને પ્રભાવશાળી તથા ઉચ્ચ નૈતિક સિદ્ધાંતોથી અલંકૃત કરી શકે છે. પરંતુ ઘટનાક્રમ સાથે તેનો પ્રત્યક્ષ આવિર્ભાવ નથી હોતો. પ્રતિબિંબિત કાવ્યાત્મક નિર્ણયની અવનતી સ્વયં વર્ણન સુધી વિસ્તાર પામે છે.

મહાકવિ કાલિદાસ પછી જો કોઇ શ્રેષ્ઠ કવિની કૃતિ હોય તો ભારવિની છે. એહોલ શિલાલેખમાં

કવિ ભારવિનો પણ ઉલ્લેખ છે. ભારવિ ઇ.સ. ની છઠ્ઠી સદિમાં થઇ ગયાનું મનાય છે.[૧૫] તેમણે મહાભારતના વનપર્વમાં આવતી નાનકડી કથાને અઢાર સર્ગમાં વિભાજીત કરી છે. કોઇપણ નાના ઉપાખ્યાનને મહાકાવ્યનું રૂપ આપવા માટે ભારવિ વર્ણન ઉપર આધાર રાખે છે. સ્થાન સ્થાન ઉપર સાહિત્યિક વૈચક્ષણ્ય સંવેદનશીલ પાઠકો માટે અસહ્ય થઇ પડે છે. ભારવિએ એવા શ્લોકોની રચના કરી છે કે આગળ–પાછળથી વાંચતા એક જ અર્થ અને આશય પ્રગટ કરી છે. એવી પંક્તિત જેને ચાર અલગ આશયથી વાંચી શકાય છે. તથા તેમાં કેવળ કોઇ એક વ્યંજના જ પ્રયુકતત થયેલી હોય. તેમાં સુંદર કલ્પનાઓના અસ્તિત્વનો અસ્વિકાર કરવો અનુચિત લાગે.

મહાકવિ ભારવિ પછી કવિ માઘનો સમય આવે છે. તેમણે પણ શિશૂપાલવધ નામનું મહાકાવ્ય રચ્યું છે. મહાકાવ્યોના વિકાસમાં આ બધા જ કવિઓનો અમૂલ્ય ફાળો રહેલો છે. મહાકવિ માઘ સાતમી સદીમાં થઈ ગયા હતા. તે કાવ્ય પરંપરામાં ભારવિ કરતા પણ શ્રેષ્ઠ બનવા માંગતા હતા. માઘ અને ભારવિના આખ્યાત્મક વિવરણો મહાકાવ્યની નજીક જાણ પડે છે. છતા પણ બન્નેનું કથાનક અલગ છે. નાટકના વિસ્તારને ભરવા માટે આડમ્બરપૂર્ણ વર્ણનોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે એક પ્રકારનો અત્યાચાર છે. કાવ્યમાં કાવ્યાત્મક સ્થળ પણ પર્યાપ્ત માત્રામાં જોવા મળે છે. વિવિધ વર્ણનો સ્થળોનો પ્રયોગો કરીને કવિઓ પોતાના કાવ્યને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરે છે. આવી રીતે મહાકાવ્યોના વિકાસમાં બધા જ કવિઓનો નિઃસ્વાર્થ પ્રયત્ન રહેલો છે.

મહાકવિ ભારવિ અને માઘ પછી કુમારદાસ અને ભટ્ટીનો સમય આવે છે. તેમણે પોતાના કાવ્યની કથાવસ્તુ રામાયણ મહાકાવ્યમાંથી પસંદ કરી છે. આ કવિઓ સાતમીથી આઠમી સદીમાં થઇ ગયા હોવાનું મનાય છે. તેમની અસાધારણ વિશેષતા એ છે કે વ્યાકરણ અને કાવ્યશાસ્ત્રના નિયમોની વ્યાખ્યા કરવા માટે સંપૂર્ણ મહાકાવ્યની રચના કરી છે. સાહિત્યિક સંવેદનશીલતા આ પ્રકારની આકાંક્ષાને અનુચિત માને છે. છતા પણ ભટ્ટી પોતાના મહાકાવ્યના વિકાસને લઇને ખૂબ જ પ્રસન્ન છે. તેમના માટે પોતાની કૃતિ એવા લોકો માટે દીપક સમાન છે જેની આંખો વ્યાકરણ છે. પરંતુ વ્યાકરણના જ્ઞાન વિના બધુ જ નકામું છે. ભટ્ટીના કાવ્યો ચતુર વ્યકિતત માટે માર્ગદર્શનરૂપ છે છતા પણ સામાવ્ય માણસ માટે તે બોજારૂપ છે, તેમના કાવ્યોનો સાહિત્ય જગતમાં સારો એવો વિકાસ થયેલો જોવા મળે છે.

મહાકાવ્યના વિકાસમાં ત્યારપછી ક્રમે કુમારદાસ આવે છે. તેમણે જાનકીહરણ નામનું મહાકાવ્ય રચ્યુ છે. શરૂઆતના ચૌદ સર્ગો તથા પંદરમાં સર્ગના કેટલાક અંશો શબ્દોનુસારી સિંહલી ટીકાના રૂપમાં ઉપલબ્ધ થાય છે.[૧૬] ત્યારપછી મદ્રાસ ગવર્નમેન્ટ ઓરિયન્ટલ મૈન્યુસ્ક્રિપ્ટ લાઇબ્રેરીમાં તેની એક પાંડૂલીપી પ્રાપ્ત થઇ જેમા વીસ સર્ગ હતા. તેનો અભ્યાસ કરતા એવુ માલુમ પડે છે કે કુમારદાસ કાલિદાસના પ્રશંસક હતા. તેમણે પોતાની મહાકાવ્યોની રચના કાલિદાસના મહાકાવ્યોની જેમ જ કરી છે. કુમારદાસમાં મૌલિક

સ્થળોની રચનામાં સામર્થ્ય દેખાઇ આવે છે. તેના આનુપ્રાસિક શ્લોક કાલિદાસની સંગીતાત્મક ગતિ પછીના મહાકાવ્યોમાં નવુ સર્જન દેખાય આવે છે. મહાકાવ્યોનો આમ ધીમે–ધીમે વિકાસ થતો ગયો અને તેમાં આ બધા જ કવિઓનો ખૂબ જ ફાળો રહેલો છે. આજે શ્રેષ્ઠ મહાકાવ્યો આપણી સમક્ષ છે તે કવિઓની શ્રેષ્ઠ કૃતિ છે અને તેને આપણે મહાકાવ્યોનો સંપૂર્ણ વિકાસ થયો તેમ કહિ શકીએ.

સંસ્કૃત સાહિત્ય સમયાંન્તરે અલગ–અલગ કવિઓ થતા ગયા અને તેમણે પોતાની બુદ્ધિ પ્રતિભા અનુસાર કાવ્યોનું નિર્માણ કર્યુ છે. પૂર્વ કવિઓના કાવ્યોમાંથી પ્રેરણા લઈને તેમણે પોતાના કાવ્યોમાં કંઇક નવુ જ યોગદાન સર્જન કર્યું છે અને મહાકાવ્યોના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. મંખક કવિનો ' શ્રીકંઠ ચરિત', શિવસ્વામિની 'કંપ્ફિનાભ્યુદય' અને નવમી સદિમાં થયેલા રત્નાકર કવિની કૃતિ 'હરવિજય ' શ્રેષ્ઠ કૃતિઓ છે.[૧૭] આ બધી જ કૃતિઓ કાશ્મીરની છે. આ કૃતિઓ એવી છે કે જે કાવ્યશાસ્ત્રીય ગ્રંથોના વિધાન અનુસાર તેની રચના કરવામાં આવી છે. તેમનું કથાનક અત્યંત તીક્ષ છે. જેમાં એક રાજા દ્વારા બીજા રાજાનો પરાજય, કોઇ અત્યાચારી દાનવનો કોઇ અલૌકિક દેવતા દ્વારા થયેલો વધ, સૂયાસ્ત અને ચંદ્રોદયનું વર્ણન, પ્રેમક્રિડા અને યુદ્ધનું વર્ણન વગેરે કાવ્યના વિસ્તારને પૂર્ણ કરે છે. તેમા પણ કેટલાકનો વધારે પ્રમાણમાં વિસ્તાર જોવા મળે છે.

રત્નાકરની કૃતિમાં પચાસ સર્ગો છે તે વિસ્તારની દષ્ટિએ ખૂબ જ મોટી છે. એક અસામાન્ય કથાવસ્તુ પસંદ કરવાને કારણે શિવસ્વામી વિશેષ ધ્યાનના અધિકારી છે. તે કાશમીરી શૈવ દર્શનમાં શ્રદ્ધા રાખે છે. છતા પણ તેમણે પોતાના મહાકાવ્યમાં બુદ્ધની પ્રશસ્તિ કરી છે. દક્ષિણપથના રાજાના પ્રજ્ઞેનજિતના રાજય ઉપર આક્રમણ કરે છે પરંતુ એક અલૌકિક ઘટના દ્વારા બોદ્ધમત અને સહિષ્ણુતાના સિદ્ધાંતને ગ્રહણ કરી લે છે. તે પોતાની કૃતિમાં વર્ણન વિસ્તાર કરતાં નથી જેટલી આવશ્યકતા હોય તેટલી જ વર્ણનકલા પ્રયોજે છે. અન્ય કવિઓની જેમ તે કાવ્યોના વિકાસમાં વધારાનું કાંઈ ઉમેરતા નથી. આ રીતે અસંખ્ય કવિઓએ મળીને સંસ્કૃત મહાકાવ્યોના વિકાસમાં મહામુલૂ યોગદાન આપ્યું છે.

કનૌજમાં બારમી સદીમાં શ્રીહર્ષ થઇ ગયા તે એક દાર્શનિક પણ હતા. તેમણે તર્કશાસ્ત્ર અને વેદાંત ઉપર પણ રચનાઓ લખી છે. પરંતુ તેના 'નૈષધચરિત' માં બૌદ્ધ જૈન અને ચાર્વાક વગેરે ઘણાં બધા દાર્શનિક સંપ્રદાયો ઉપર સમાલોકચનાત્મક વર્ણન કર્યુ છે. તેઓ તેમાં ફકતત પોતાનું પાંડિત્ય પ્રદર્શન કરે છે. જે સંસ્કૃત સાહિત્યમાં ખૂબ જ પ્રતિભાશાળી છે. એક રીતે જોતા કાવ્યાત્મક અંતઃપ્રજ્ઞાનો અભાવ જોવા મળે છે. કારણ કે નલ અને દમયંતીની ઉત્કૃષ્ટ કથાને તેમણે તે બન્નેના લગ્ન સુધી જ વિસ્તારી છે. ત્યાબપછીના જીવનનું વર્ણન નથી કર્યુ અને મહાકાવ્યને પૂર્ણ કર્યુ છે. છતાં પણ કાવ્યની દષ્ટિએ આ મહાકાવ્ય શ્રેષ્ઠ જ છે. કથાને બાવીસ સર્ગમાં વિસ્તારીત કરી છે. જેમાં ઉચ્ચસ્તરનું સાહિત્યક વૈચક્ષણ્ય જોવા મળે છે. દરેક મહાકાવ્યોમાં કંઇક ને કંઇક વિશેષતા જોવા મળે છે.

સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના કવિઓએ પોતાના મહાકાવ્યની કથાવસ્તુ રામાયણ અથવા મહાભારતમાંથી લીધી છે. સત્તરમી સદીમાં થયેલા ચક્કવિ તથા ચૌદમી સદીમાં થયેલા કવિમલ્લએ પોતાની કૃતિનું કથાનક રામાયણ મહાકાવ્યમાંથી પસંદ કર્યુ છે. તેરમી સદીમાં થયેલા અમરચંદ્રસૂરી, વસ્તુપાલ અને દેવપ્રભા સૂરી તથા અન્ય કવિઓની કૃતિઓનો આધારસ્તંભ મહાભારત છે. કૃષ્ણાનંદ અને વામનભટ્ટ બાણે ફરીથી નળ અને દમયંતીની કથાને પ્રસ્તુત કરી હતી. કૃષ્ણના આખ્યાનએ અનેક કાવ્યોને જન્મ આપ્યો છે. અગિયારમી સદીમાં થયેલો લોલિમ્બ રાજ ચૌદમી સદીમાં થયેલા વેંકટ દેશિકા, સત્તરમી સદીમાં થયેલો રાજા ચૂડામદિક્ષિત અને કૃષ્ણદાસ કવિરાજ તેમાં પ્રમુખ છે. નિલકંઠ દિક્ષત પોતાના બે મહાકાવ્યોમાં તપસ્વી શિવનું જ વર્ણન કરે છે. અનુપ્રાસ અને સમાન સ્વરથી યુકતત એક વિશેષ શૈલીમાં રચાયેલા કાવ્યોની એક સંપૂર્ણ શ્રૃંખલા છે. જેમાં નીતિ વર્મન અને વસુદવ ભટ્ટાયિરી મુખ્ય છે. દશાવતારની કથાઓએ પણ કાવ્યવત્ રચનાઓને પ્રેરિત કર્યું છે. ક્ષેમેન્દ્ર અને નારાયણ ભટ્ટાયિરીની રચના તેમાં મુખ્ય છે. જયદ્રથ વગેરે લોકોની કૃતિઓ કાવ્ય નથી પરંતુ પુરાણોની શૈલીમાં લખાયેલા આખ્યાનો જેવા છે.

મહાકાવ્યના માધ્યમથી વ્યારણનું જ્ઞાન આપવાની ભટ્ટીની સંદિગ્ધ આકાંક્ષાએ ભટ્ટાયિરી, ભટ્ટભૌમ અને હલાયુધ જેવા અનેક લોકોને પ્રેરિત કર્યા છે. તેમાં પ્રથમ રાવણ અને કાર્તવીર્ય અર્જુનના યુદ્ધનું વર્ણન કરતા કરતા પાણિનીના વ્યાકરણની શિક્ષા આપી છે. હલાયુધએ એક રાષ્ટ્રકૂટ રાજાની પ્રશસ્તિ કરતા કવિઓ માટે શબ્દરૂપના વ્યવહારથી સબંધિત એક છંદોબદ્ધ નિર્દેશ કર્યો છે. સંવેદનશીલતા અને પાંડિત્યની પરાકાષ્ઠા આવી કૃતિઓમાં સ્પષ્ટ દેખાઇ આવે છે. અગિયારમી સદીમાં સંધ્ગાકર નંદિએ એક એવી કૃતિની રચના કરી જેમાં રામ અને બંગાળના રાજા રામપાલ બન્નેની કથા એક સાથે વર્ણિત છે. ધનંજય નામના કવિએ પણ રામાયણ અને મહાભારતની કથાઓ એક સાથે જ વર્ણવી છે. તેના કરતા પણ આગળ ચિદામ્બ નામના કવિએ રામાયણ મહાભારત અને ભાગવતની કથાને એક સાથે પ્રસ્તુત કરી છે. આવી રીતે વિવિધ કવિઓને પોતાની બુદ્ધિ પ્રતિભા અનુસાર મહાકાવ્યોની રચના કરી છે અને તેને સમાન સમક્ષ પ્રસ્તુત કરી છે. આ બધી જ કૃતિઓ મહાકાવ્યોના વિકાસમાં ખૂબ જ મદદરૂપ થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય કવિઓને મહાકાવ્યોનું નિર્માણ કર્યું છે. તેમાં ભિન્ન ભિન્ન કથાવસ્તુનો આધાર લઈને કૃતિની રચના કરી છે. તેમાં ઐતિહાસિક કથાવસ્તુનો આધાર લઈને મહાકાવ્યનો રચના કરી છે તે વિશેષ ઉલ્લેખનીય છે. તે કાવ્યોના અલગ–અલગ વર્ગનું નિર્માણ કરે છે. રાજકીય દાન અને સમારંભના અવસર ઉપર રચાયેલા પ્રશંસાત્મક કાવ્યોથી આ વર્ગની ઉત્ત્યપતિ થઇ હતી. જે પછીથી શૈલી અને કાવયરૂપના પ્રભાવને કારણે મહાકાવ્યના આકાર સુધી પહોંચ્યું. કલ્હણએ ઉલ્લેખ કર્યો છે કે આઠમી સોમાં શંકુકએ 'ભુવન–અભ્યુદય નામના મહાકાવ્યની રચના કરી હતી જેમા તેમણે કાશ્મીરના બે સામન્તો મમ્મ અને ઉત્પલ વચ્ચે થયેલા ભયાનક યુદ્ધનો ઉલ્લેખ કર્યો હતો. જો આ ગ્રંથ આજે પ્રાપ્ત થયો હોત તો તે

પ્રથમ ઐતિહાસિક મહાકાવ્ય હોત. સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના કવિઓની કૃતિઓનો આજે એક અંશ પણ પ્રાપ્ત થતો નથી. એવા તો અસંખ્ય કવિઓ છે કે જેમણે મહાકાવ્યોની રચના કરી છે પણ તે ગ્રંથ આજે ઉપલબ્ધ નથી ફકતત તેના નામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ઐતિહાસિક મહાકાવ્યોના રૂપમાં કાશ્મીરી કવિ કલ્હણ દ્વારા અગિયારમી સદિમા લખાયેલ રાજતરંગિણી સર્વશ્રેષ્ઠ કૃતિ છે. કલ્હણએ એક કઠિન કાર્યને પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે. તે ઐતિહાસિક શુદ્ધતા અને રચનાત્મક સાહિત્યિક કૃતિ તે બન્ને આવશ્યકતાને પૂર્ણ કરવા માંગતા હતા. તેમણે લખ્યુ છે કે મંદિરોના અભિષેક અને પૂર્વવર્તી રાજાઓના દાન વગેરેથી સંબંધ શિલાલેખો અને અન્ય લખાયેલા અભિલેખોના અધ્યયન દ્વારા યથાશકિતત ખામીઓને બચાવવાનો પ્રયત્ન કર્યો છે. ઈતિહાસનું અવલોકન કરીને તેમણે જોયુ કે અતિતની ઘટનાઓનું વૃતાંત અનેક દષ્ટિએ અપૂર્ણ થઇ ગયુ છે. તેમની ઇચ્છા એક એવી કૃતિ રચવાની હતી જે તે વિષયોના સંબંધમાં વિ   સનીય અને ઉપયોગી સિદ્ધ થઈ શકે. તેમની કૃતિ તેના ધૈર્યપૂર્ણ શોધની પુષ્ટિ કરે છે. ભૌગોલિક વિવરણથી એ સ્પષ્ટ થાય છે કે તેમણે જે વર્ણન કર્યુ છે તે ક્ષેત્રોમાં તે ગયા હતા. કલ્હણ પોતાની કૃતિને શ્રેષ્ઠ મહાકાવ્યોમાં સ્થાન અપાવે છે. તે પોતાની બધી જ કુશળતા શ્રેષ્ઠ મહાકાવ્યના નિર્માણમાં લગાડે છે અને તે મહાકાવ્યના અમૂલ્ય યોગદાન આપે છે.

કલ્હણ ઐતિહાસિક મહાકાવ્યનું નિર્માણ કરે છે અને તે ઐતિહાસિક શુદ્ધતા તથા નિષ્પક્ષતાનું વ્રત લે છે. તથા સાથે સાથે તે એક કાવ્ય લખવાને માટે પણ સજાગ છે. પરંતુ કલાત્મક પ્રાથમિકતાની ભાવનાએ તેને સાહિત્યિક મહાકાવ્યની અલંકૃત શૈલીથી દૂર જ રાખ્યા. તેમણે સ્વિકાર્યુ કે આકારના વૃતાંતમાં સાહિત્યિક અલંકરણનો વધારે પડતો સમાવેશનો પ્રશ્ન જ   ભો નથી થતો. કલ્હણની રૂચિ સારા ચરિત્રનું નિર્માણ કરવામાં અને સંક્ષેપથી વર્ણન કરવામાં રહેલી છે. ઘટનાઓનું વિસ્તારથી અર્થસભર વર્ણન કરવામાં તેની કુશળતા છે. તેમણે કલ્પનાઓનો આધાર લીધો હોય તો તે પણ વિવેકપૂર્ણ રીતે અને ઉપયોગી હોય તે રીતે જ અનંતના અન્ત્યેષ્ટિમાં સમ્મિલિત થવાવાળા લોકોના દલના વર્ણનમાં જોવા મળે છે. ચિત્રોથી એવુ પ્રતિત થઇ રહ્યુ હતુ કે તે બધા લોકો રાજાની અત્યન્ત નિકટ અને તેનું અનુકરણ કરી રહ્યા હોય. અહિં ચિત્રનું વર્ણનાત્મક ગુણ અને તેનું સત્ય દષ્ટવ્ય છે. કવિ કલ્હણ મહાકાવ્યના લક્ષણોને શોભે તે રીતે કૃતિ રચવાનો પ્રયત્ન કરે છે. તે મહાકાવ્યને ઉચ્ચ અને દિવ્ય બનાવે.

કલ્હણ ઈતિહાસનો અર્થ અને તેમાં રહેલી સમસ્યાનું સમાધાન કરવા માંગતા હતા. તેઓ કહેતા કે ઐતિહાસિક સત્ય અને વિશેષ નિરૂપણને એક સામાન્ય અર્થથી અલગ રાખવું જોઈએ. શું વૃતાન્તને કલ્પનાનો સહારો લેવો પડે. ઈતિહાસને હજારો વર્ષોની માનવતાનો અનુભવ કહેવામાં આવે છે તે માણસને શિક્ષા આપે છે. ઈતિહાસકાર અને કવિ, ઐતિહાસિક તથ્યોનું સંશોધન કરનાર અને કાવ્યાત્મક મૂલ્યો તથા અર્થોના જિજ્ઞાસુ, છેલ્લે મિશ્રિત બનીને મિશ્ર દષ્ટિકોણવાળા વ્યકિતત બની જાય છે. કાવ્યમાં એક

પ્રમુખ સંવેગ, ભાવ અને આખ્યાન, ચરિત્ર અને વર્ણન બધાને તેનું સહાયક બનવું જોઈએ.ઈતિહાસમાં પણ આ પ્રકારની ભાવના પ્રગટ થાય છે. કવિ કલ્હણ ઈતિહાસકાર અને કવિ બન્ને રહેવા માંગે છે. સમયના પરિવર્તનની સાથે સાથે કવિઓ પોતાની કૃતિઓમાં ફેરફાર કરતાં ગયા છે. આજે મહાકાવ્યનો જે વિકાસ ધ્યાન સમક્ષ આપે છે. તેમાં આ બધાં કવિઓની નૂતન દષ્ટિને આભારી છે.

કવિ કલ્હણ પોતાની કૃતિનો આધારપૂર્વ ઇતિહાસના અંશોના આધારને ગણાવે છે. ઇતિહાસ દ્વારા પ્રાપ્ત અર્થ કવિને રચનાત્મક પ્રેરણા પ્રદાન કરે છે. વસ્તુ અસ્તિત્વમાં આવે છે અને એક ક્ષણમાં નષ્ટ પણ થઇ જાય છે. એક સમ્રાટની જેમ શાંત રસ આ કૃતિનો અધિક્ષક છે. કલ્હણના મહાકાવ્યના આઠ સર્ગોમાંથી ચાર એવા ચરિત્રોના વર્ણનથી સમાપ્ત થાય છે જે શરૂઆતમાં પૃથ્વીને પોતાની ઇચ્છા પ્રમાણે આધીન કરવાનો પ્રયાસ કરે અને તેમાં થોડીઘણાં અંશે સફળ પણ થાય પછી પોતાને અહં કેન્દ્રિત આકાંક્ષાથી મૂકતત કરીને શાન્ત અને ધર્મને પરા પણ એવું જીવન પસાર કરવામાં લાગી જાય છે. આવી રીતે મહાકાવયોના લક્ષણને શોભે તેવું અને સામાન્ય લોક સમુદાયને ઉપયોગી બને તેવુ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુ ષાર્થોને પ્રાપ્ત કરે તેવા મહાકાવ્યોની રચના થવા લાગી તે પણ ખરેખર મહાકાવ્યના વિકાસની બાબતમાં ખૂબ જ આનંદની વાત છે.

સંસ્કૃત મહાકાવ્યોના વિકાસમાં રામાયણ અને મહાકાભારતનું ખૂબ જ મોટું યોગદાન રહેલું છે. સંસ્કૃત સાહિત્યામ કવિઓએ મહાભારતમાંથી કથાવસ્તુ લીધી અને રામાયણની શૈલીમાં રજૂ કરી. રામાયણમાંથી રૂપ, શિલ્પ અને મહાભારતમાંથી વિષયવસ્તુ લઇને મહાકાવ્યોની પરંપરાને આગળ વધારી છે. અ ઘોષ, કાલિદાસ, ભારવિ, માઘ અને શ્રીહર્ષના મહાકાવ્યોમાં અલંકાર યોજના, રૂપકો, શિલ્પ સંબંધી તત્ત્યવ ઉપમાઓ વગેરેનો આધાર રામાયણ જ છે. કેટલાક કવિઓએ પુરાણમાંથી કથાઓ પસંદ કરીને પણ મહાકાવ્યોનું નિર્માણ કર્યુ છે. છતા પણ રામાયણની શૈલીને જ પસંદ કરી છે. સંસ્કૃત સાહિત્યમાં શ્રીહર્ષના ‘નૈષધચરિત મહાકાવ્ય’ સુધી ઘણી બધી કૃતિઓનું સર્જન થયુ તે બધી કૃતિઓ અલગ–અલગ શૈલીમાં હતી. એક વિદેશી વિદ્વાન મેકડોનલે મહાભારતને લોકમહાકાવ્ય કહ્યું છે. રામાયણને અનુકૃત મહાકાવ્ય કહ્યું છે. અને પછીના મહાકાવ્યોને અલંકૃત મહાકાવ્યો કહ્યા છે.

મહાકવિ કાલિદાસના સમય પહેલ પણ કાવ્યોનું નિર્માણ થયુ છે પરંતુ તેના નામના ઉલ્લેખ સિવાય આપણી પાસે તે કૃતિઓમાં પણ મહાકાવ્યોનો વિકાસ હશે જ. સ્ફૂટ કવિતા અને સ્ફૂટ કાવ્યોના પુરાતન અસ્તિત્વને પ્રકટ કરતી તે કૃતિઓ આજે ઉપલબ્ધ નથી. પરંતુ તેના અસ્તિત્વને બતાવતા પ્રમાણો આજે પણ પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્યમાં પાણિનીને વૈયાકરણી જ માનવામાં આવે છે. તેમણે પણ એક મહાકાવ્યની એક રચના કરી છે અને મહાકાવ્યોના વિકાસમા યોગદાન આપ્યુ છે. તેમણે ‘જામ્બવતી–વિજય’ નામના મહાકાવ્યની રચના કરી છે તેમા ૧૯ સર્ગ હતા. પ્રાચીન તથા અર્વાચીન અલગ–અલગ ૩૩

પ્રકારના ગ્રંથોમાં પાણિનીના આ મહાકાવ્ય ગ્રંથની સૂચના મળે છે. દરેક કવિઓને મહાકાવ્યની રચના કરવાનો શોખ હોય તેમ લાગે છે. તેઓ વ્યાકરણ ગ્રંથની સાથે સાથે મહાકાવ્યોની પણ રચના કરતા હતા.

સંસ્કૃત સાહિત્યના વાર્તિકકાર વરરૂચિ કાત્યાયનને પણ 'સ્વર્ગરોહણ' નામના મહાકાવ્યના રચયિતા માનવામાં આવે છે. એની પ્રશંસામાં કહેવામાં કહેવામાં આવે છે કે આવું સુંદર કાવ્યની રચના કરીને કાત્યાયને સ્વર્ગને પૃથ્વી પર લાવી દીધું છે. તેની કવિત્વ પ્રતિભાએ તેમની કીર્તિને ચારે તરફ ફેલાવી હતી. 'મહાભાષ્ય' માં મળેલા શ્લોકોથી પણ સાબિત થાય છે કે કાત્યાયને કાવ્યનું નિર્માણ કર્યુ હશે. ' સુભાષિતમુકતતાવલી', 'સદુકિતતકર્ણામૃત' વગેરેમાં મળેલા શ્લોકોને કારણે તેના કવિકર્મનું પ્રમાણ મળે છે. કૈયટ, નાગેશભટ્ટ અને હરદત્તના મત પ્રમાણે 'ભ્રાજ' સંજ્ઞક શ્લોકો વાર્તિકકાર કાત્યાયનની રચના છે. આવી રીતે અસંખ્ય કવિઓએ મહાકાવ્યોના નિર્માણ કર્યા છે. તે બધાની કૃતિઓ પ્રાપ્ત થતી નથી. છતાં પણ ક ંક ને ક ંક તેનો ઉલ્લેખ મળી આવે છે. આવી રીતે મહાકાવ્યોનો વિકાસ સતત ને સતત આગળ વધતો રહ્યો હતો.

સંસ્કૃત સાહિત્યના એવા અસંખ્ય કાવ્યકારો થઇ ગયા છે તેનો ઉલ્લેખ આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન ઇસ્ક્રિપ્શન્સ, એપિગ્રાફિયા ઇન્ડિકા, જુદા જુદા પ્રદેશના ગર્જ્યટિયર, એસિયાટિક સોસાયટી, મુંબઇ, ઓરિસ્સા, બંગાળ અને બિહાર વગેરેના જર્નલ્સમાં તેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે. શ્યામસુંદરદાસએ 'પ્રાચીન લેખમણિમાલા' ના નામથી વિવિધ દાનપત્રો, શિલાલેખો હસ્તલિખિત પોથિયો, ઇતિહાસ ગ્રંથો તથા અન્ય લેખકોના વિદ્વતાપૂર્ણ લેખને આધારે એક પુસ્તકનું નિર્માણ કર્યુ હતુ. આ પુસ્તકમાં ૭૧૯ લેખોનો સંગ્રહ છે અને તેમા સંસ્કૃતના એવા કેટલાય કવિઓ છે કે જેનુ આજે આપણે નામ પણ નથી જાણતા.

સંસ્કૃત સાહિત્યના મહાકાવ્યોને આપણે ત્રણ શ્રેણીમાં વિભાજીત કર્યા છે. પ્રથમ શ્રેણીમાં કાલિદાસ, માઘ અને શ્રીહર્ષના મહાકાવ્યોને મુકી શકાય, બીજી શ્રેણીમાં પાલી અને પ્રાકૃત ભાષાના મહાકાવ્યો છે અને ત્રીજી શ્રેણીમાં અપભ્રંશ મહાકાવ્યો આવે છે. ઐતિહાસિક વિકાસની દષ્ટિએ મહાકાવ્યોની પરંપરાને આપણે ત્રણ વિભાગમાં વિભાજન કર્યું છે. કાલિદાસની પહેલાનો ઉદ્‌ભવયુગ, બીજો અભ્યુત્થાનયુગ કાલિદાસથી લઇને શ્રીહર્ષ સુધી અને ત્રીજો હ્રાસ–યુગ તેરમી સદિથી અન્ત સુધી સંસ્કૃત મહાકાવ્યોના વિકાસમાં કાલિદાસ, અ  ઘોષ, ભારવિ, ભટ્ટી, માઘ અને શ્રીહર્ષ આ છ મહાકાવ્યકારોની કૃતિઓનું વિશેષ યોગદાન રહેલું છે.

સંસ્કૃત સાહિત્યમાં હરિશ્ચન્દ્રના નામે ઘણાંબધા વિદ્વાનોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. 'ધર્મશર્માભ્યુદય' નામના મહાકાવ્યના લેખક માનવામાં આવે છે. તે જૈન હતા. બિજા જૈન આચાર્ય હેમચન્દ્ર થઇ ગયા તેમણે 'ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત' નું નિર્માણ કર્યુ છે તે મહાભારતની શૈલીનો ગ્રંથ છે. તે સમયગાળામાં જૈન કવિ

વાગ્ભટ્ટએ પણ 'નૈમિનિર્વાણ' નામની કૃતિની રચના કરી હતી. બારમી સદી પછી મહાકવિઓમાં માધવભટ્ટ, બિલ્વમંગળ અને ચંડકવિના નામનો ઉલ્લેખ છે. માધવભટ્ટ અવન્તિપુરીના રાજા રામદેવા સભાપંડિત હતા. તેમણે 'રાઘવપાંડવીયમ્' અને 'પારિજાતહરણ' નામના મહાકાવ્યોની રચના કરી છે. તથા ચંડકવિએ ''પૃથ્વીરાજવિજય' જે આઠ સર્ગોમાં જ પ્રાપ્ત થાયછે તેની રચના કરી છે. તથા બિલ્વમંડળનું 'ગોવિંદાભિનિવેશ' કાવ્યનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અ ઘોષ પછી અને શ્રીહર્ષની પૂર્વ વિવિધ સદીઓમાં મહાકાવ્યોનું નિર્માણ થયુ છે. તે રચના કૌશલ અને કાવ્યસુંદરતા કાલિદાસ, અ ઘોષ, ભારવિ, માઘ અને શ્રીહર્ષના મહાકાવ્યોની તુલનામાં થોડા ઉતરતા છે.

કવિ શ્રીહર્ષ પછીના કવિઓએ જે કૃતિઓનું નિર્માણ કર્યુ છે તેમાં જયરથનું 'હરચરિતચિન્તામણિ', અમરસિંહનું 'સુકૃતસંકીર્તન', બાદ સુરીનું 'વસન્તવિલાસ', 'ચંન્દ્રપ્રભુસૂરિ' 'પાંડવચરિત', નયનચન્દ્ર નું 'હમ્મીરમહાકાવ્ય', વાસુદેવ કવિનું 'યુધિષ્ઠિરવિજય', અગત્સ્ય કવિનું 'બાલભારત' વેંકટનાથનું 'યાદવાભ્યુદય', ગંગાદેવીનું 'મયુરાવિજય' મલ્લાચાર્યનું 'ઉદારરાઘવ' વામનભટ્ટબાણનું 'રઘુનાથચરિત', શ્રી વરનું 'જૈન રાજતરંગિણી', રાજનાથનું 'સાલવાભ્યુદય', રુદ્ર કવિનું 'રાષ્ટ્રોઢવંશ', ચંદ્રશેખરનું 'સુર્બનચરિત' યજ્ઞ નારાયણ દીક્ષિતનું 'રઘુનાથભૂપવિજય', નીલકંઠ દીક્ષિતનું 'શિવલીલાર્ણવ', મેઘવિજયગણિનું 'સપ્તસંધાન' અને ચક્રકવિનું 'જાનકીપરિણય' વગેરેના નામોનો ઉલ્લેખ કરી શકાય. આ મહાકાવ્યોમાં શ્રેષ્ઠ કવિઓની તુલનામાં શ્રેષ્ઠતાનો અભાવ જોવા મળે છે. છતા પણ અસંખ્ય કવિઓએ મહાકાવ્યોની રચના કરી છે અને મહાકાવ્યોના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો છે.

*	**મહાકાવ્યનાં લક્ષણો :**

વિ   માં માનવ જેમ જેમ જીવતો ગયો તેમ તેમ તે કંઇક નવું સર્જન કરતો ગયો છે. શરૂઆતમાં માનવ સારી રીતે જીવતા શીખ્યો, ત્યાર પછી પોતાના જીવનનું વ્યવસ્થિત આયોજન કરતા શીખ્યો હતો. માનવ પોતાના જીવનમાં સમયાંતરે કંઇક નવીન ઉમેરણ કરતો ગયો અને તેને જ ારે નવી બાબતોની આવશ્યકતા થઇ ત્યારે તે નવી શોધ કરીને માનસિક આનંદ પ્રાપ્ત કરતો ગયો. માણસ જ ારે હતાશ રહેવા લાગ્યો તેને કંઇક આનંદ મળે તેવું કાર્ય કરવાનું મન થયુ ત્યારે તેમણે કાવ્યો નિર્માણ કરવાનું કામ ચાલુ કર્યું અને તેમાં તેને સંતોષ મળ્યો. આવી રીતે વિ   સાહિત્ય સમક્ષ વિવિધ કવિઓની કૃતિઓ આવી અને તે કૃતિઓ આજે માનવ સમુદાયનુ ચિરંતન કાળ સુધી ઉપયોગી થઇ છે. આમ કાવ્યો, મહાકાવ્યો, નાટકો વગેરે કૃતિઓનું નિર્માણ થયું છે.

સંસ્કૃત સાહિત્યના પ્રાચિન કવિઓએ આવનારા ભવિષ્યમાં લોકોને માર્ગદર્શનરૂપ નિવડે, સાચુ જ્ઞાન પ્રદર્શિત કરે અને નવી દિશા બતાવે તે માટે અસંખ્ય સાહિત્યનું નિર્માણ કર્યુ છે. તેમાં વૈદિક સાહિત્ય, આરણ્યકો, ઉપનિષદો, ધર્મગ્રંથો, સ્મૃતિગ્રંથો, પુરાણો, રામાયણ, મહાભારત જેવા અમૂલ્ય સાહિત્યનો સમાવેશ થાય છે. ત્યારે આજે આ અમૂલ્ય સાહિત્ય એટલુ જ પ્રસિદ્ધને પામ્યુ છે. પછીથી પણ આ સાહિત્ય સર્જનથી પરંપરા ચાલુ જ રહી હતી. ત્યાર પછી સંસ્કૃત કવિઓએ અલગ–અલગ વિષયો અને અલગ–અલગ પ્રકારે સાહિત્ય સર્જન કર્યું. તેમાં મહાકાવ્યો, નાટકો, કાવ્યો, ચંમયુ કાવ્યો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ રામાયણ અને મહાભારતને લક્ષમાં રાખીને કવિ કાલિદાસ, અ  ઘોષ, ભારવિ, શ્રીહર્ષ, માઘ, ભટ્ટી, કલ્હણ વગેરે સાહિત્ય સર્જકોએ વિશિષ્ટ કૃતિઓનું નિર્માણ કર્યુ છે. તેને આજે મહાકાવ્યો તરીકે ઓળખવામાં આવે છે. આમ મહાકાવ્યનો ઉદ્‌ભવ અને વિકાસ થયો હતો.

સંસ્કૃત સાહિત્યમાં ઘણાં બધા વિદ્વાનોએ મહાકાવ્યોના લક્ષણો આપ્યા છે. હેમચંદ્રાચાર્યે પોતાના ગ્રંથ કાવ્યાનુશાસનમાં સૂત્રાત્મક રીતે મહાકાવ્યની વ્યાખ્યા આપી છે તેમણે સંસ્કૃત, પ્રાકૃત અને અપ્રભંશ વગેરે કાવ્યોની વ્યાખ્યા આપી છે. તેમના મતે મહાકાવ્ય સંસ્કૃતમાં સર્ગબદ્ધ હોય છે, પ્રાકૃત ભાષામાં આશ્વાસક બંધ અને અપ્રભંશમાં સંધિબંધ અને ગ્રામ્યાપભ્રંશમાં અવસ્કંધ બંધ હોય છે.[૧૮] મહાકાવ્ય વૈચિત્ર્ય, અર્થવૈચિત્ર્ય અને ઉભયવૈચિત્ર્યના લક્ષણો ધરાવે છે. જેમાં કવિ પ્રશંસા, કાવ્યત્વ, દુર્જન–સજ્જન સ્વરૂપાદિ, યમક વગેરે શબ્દવિચિત્રતામાં આવે છે. રસભાવયોજન, ફલપ્રાપ્તિ, ચતુવર્ગ પ્રાપ્તિ, સમગ્ર લોકરંજન, અલંકાર યોજના, પાત્ર નિરૂપણ, દેશકાલ અને અવાંતરકથા વગેરેનું આયોજન ગણાવ્યા છે. કાવ્યાનુશાસનના કર્તા હેમચંદ્રે એક નવી જ વાતરજૂ કરી છે. કથાના આયોજનમાં પાત્ર નિરૂપણ, દેશકાલ વગેરે વિશિષ્ટ જીવન અને યુગના ચિત્રો મહાકાવ્યમાં સમાવી લેવાની નવી જ વાત કહી છે.

હેમચંદ્રની મહાકાવ્યની વ્યાખ્યામાં કોઇ વિશિષ્ટ મૌલિક તત્ત્યવ નથી. વૈચિત્ર્યનો ઉલ્લેખ "શબ્દાર્થ

भयवैचित्र्यपितं महाकाव्यं ।" માં કરીને મહાકાવ્યના ચરમ સૌંદર્ય તરફ તેમણે જરૂર આંગળી ચીંધી છે. વિ  નાથે મહાકાવ્ય અંગે પ્રવર્તતા અન્ય આચાર્યોના મતોને ધ્યાનમાં રાખીને શકતય હોય ત્યાં પોતાના નવા જ લક્ષણોનો નિર્દેશ પ્રાચીન પ્રખ્યાત કૃતિઓ રામાયણ, મહાભારત, રઘુવંશ, કુમારસંભવ અને કિરાતાર્જુનિયમ્ વગેરને ધ્યાનમાં લઇને બધાને પોતાની વ્યાખ્યામાં સમાવી લીધા છે. તેમના મતે મહાકાવ્યના પ્રમુખ તત્ત્યવો આ પ્રમાણે છે. મહાકાવ્યનો નાયક સદ્‌વંશ, ક્ષત્રિય કે સુર હોવો જોઇએ અને તે ધીરોદત્ત આદિ ગુણો ધરાવતો હોવો જોઇએ. વિ  નાથે તેનાથી પણ આગળ કહ્યુ છે કે સદ્‌વંશવાળા, એક જ વંશમાં થયેલા અનેક રાજાઓને પણ નાયક ગણ્યાં છે. આ લક્ષણા રઘુવંશ મહાકાવ્યને લક્ષમાં રાખીને આપવામાં આવ્યુ હોય તેમ લાગે છે. ભામહ તથા અન્ય કવિઓએ બધા જ રસોની વાત કરી હતી પણ વિ  નાથે તો મુખ્ય ત્રણ રસોને જ સ્વીકારવાની વાત કરી છે.

આચાર્ય વિ  નાથના મતે શૃંગાર, વીર અને શાંત રસમાંથી કોઇ એક રસને મુખ્ય માન્યો છે. તથા બાકીના રસોની ગૌણરસ તરીકે રજૂ કરવાની વાત કહી છે. પૂર્વના આચાર્યોએ વિસ્તારથી વર્ણન કરવાની વાત કહી છે. જ ારે વિ  નાથે ઓછામાં ઓછા આઠ સર્ગો હોવાની વાત કહી છે. તેમના મતે સર્ગ બહુ નાના કે મોટા ન હોવા જોઇએ. તેમણે રામાયણ અને મહાભારતને આર્ષ મહાકાવ્ય ગણાવ્યા છે. વિ  નાથની આ વ્યાખ્યા બહુ જ સરસ છે તેમણે પૂર્વ કવિઓની જેમ પ્રકૃતિ ચિત્રણ, છંદ વર્ણન વગેરેની વાતોને સ્વીકારી છે. વિ  નાથની વ્યાખ્યા જોતાં એમ પણ લાગે છે કે તેમણે પૂર્વ કવિઓના મતોને સ્વીકાર્યા છે તથા કંઇક નવું પણ રજૂ કર્યું છે. તે પછીના કવિઓ આ વ્યાખ્યાને મહત્વની ગણવા લાગ્યા છે.

સંસ્કૃત સાહિતયના કાવ્યશાસ્ત્રના અનેક આચાર્યોએ મહાકાવ્યના તત્ત્યવોને ગણાવવાનો પ્રયત્ન કર્યો છે. તે પ્રમાણે મહાકાવ્યમાં કથાવસ્તુ અતિ નાનુ છે કે સંક્ષિપ્ત હોવું જોઇએ. તે સર્ગમાં વિભાજીત હોવું જોઇએ. સંધિથી પણ યુકતત હોવું જોઇએ. એક મુખ્ય ઘટના હોય અને તેની સાથે અન્ય બાબતો પણ સંકળ ાયેલી હો, કથાવસ્તુ, ઉત્પાદ્ય, અનુત્પાદ્ય અને મિશ્ર હોઇ શકે છે. તથા તેમાં ઔચિત્ય પણ હોવું જોઇએ. તથા મહાકાવ્યમાં જીવન સાથે સંબંધ ધરાવતા બધા જ પ્રકારના તથ્યોનું નિરૂપણ હોવું જોઇએ. પ્રકૃતિના બધા જ રૂપો અને ભાવ યોજના હોવા જોઇએ. તેમાં વિવિધ પ્રકારના વર્ણન સમુદ્ર, નદી, સંધ્યા, રાત્રી, પર્વત, વન વગેરે અપેક્ષિત છે.

મહાકાવ્યોના લક્ષણમાં છંદ વિશે પણ કવિએ કહ્યું છે કે કોઇપણ એક જ છંદનો પ્રયોગ સર્ગમા કરવો જોઇએ અને સર્ગને અંતે છંદ પરિવર્તન કરવુ જોઇએ. મહાકાવ્યનું વિશિષ્ટ ગાન કરવા માટે છંદમાં વિવિધતા લાવવી જરૂરી છે. મહાકાવ્યોમાં વિશિષ્ટ અલંકારોનો પણ ઉપયોગ કરવો જોઇએ. કાવ્યની શોભામાં વધારો કરનાર, કુદરતી રીતે ઉત્પન્ન અલંકારોના મહત્વ વિશે વિ  નાથે કંઇપણ ઉલ્લેખ કર્યો નથી. કવિએ આગળ કાવ્યના હેતુઓ દર્શાવ્યા છે તેમાં શબ્દશાસ્ત્ર, કોષ અને છંદને જાણવું જરૂરી બને છે. કાવ્યને શ્રેષ્ઠ અને પ્રતિષ્ઠિત તથા ચિરંતન કાળ સુધી લોકો યાદ કરે તે અનુરૂપ બનાવવા માટે પ્રતિભા પણ

હોવી જોઈએ. ભામહ આગળ જણાવે છે કે કવિ મહાકવિ હશે તે ભાષા પ્રયોગ, અલંકાર યોજના, વર્ણન વિચિત્રતામાં નિપૂર્ણ હશે જ છતા પણ તેમણે મહાકાવ્યમાં ગ્રામ્ય શબ્દોનો પ્રયોગ ન કરવો.

મહાકાવ્યોના લક્ષણમાં તેની શૈલી વિશે પણ અલગ–અલગ મતો રજૂ થયા છે. મહાકાવ્યની શૈલી સરળ, આકર્ષક, તરત ગમી જાય તેવી, તેનું ગાંભીર્ય વગેરે પાસા વિશે થોડો ઘણો વિચાર કરવામાં આવ્યો છે. મહાકાવ્યોમાં પોતાનું પાંડિત્ય પ્રદર્શન કરવાની પણ એક વિશેષતા જોવા મળે છે. કવિઓ પોતાની પંડિતાઇ મહાકાવ્યમાં રજૂ કરે છે અને અન્યથી કાંઇક નવું બતાવવાનો પ્રયત્ન કરે છે. ત્યાર પછી મહાકાવ્યોના ઉદ્દેશોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને મહત્ત્યવના ગણવામાં આવ્યા છે. મહાકવિ દંડી, રુદ્રટ અને ભામહ આ બધા જ કવિઓ આ પુરુષાર્થોને વૃક્ષ ગણે છે. ત્યારે વિ નાથ કોઈપણ એક જ પુરુષાર્થને સ્વીકારે છે. કવિવર રવિન્દ્રનાથ ટાગોર મહાકાવ્યને ગંગા–બ્રહ્મપુત્રા જેવી નદીઓની સાથે સરખાવે છે. નહિ શરૂઆતમાં કોઇ પર્વતમાંથી ઝરણા રૂપે વહે છે. પછી તે અનેક ઝરણાંઓને મળે છે તેમ તે આગળ વધતા વધતા ઉપનદીઓને મળે છે અને અંતે બધા જ નાનાં મોટાં ઝરણાંઓ એકઠા મળીને મહાનદીના સ્વરૂપે વહેવા લાગે છે. આવી રીતે કાવ્યો પણ ધીરે ધીરે વિકાસ પામતાં–પામતાં મહાકાવ્યોના સ્વરૂપે આપણી સમક્ષ પ્રગટ થાય છે.

आरंभिक कतिपय ग्रन्थकारोने काव्य–लक्षणा करते समय शब्द और अर्थ को समान महत्व दिया है जब कि कतिपय ने केवल शब्द की अधिक महत्त्व दिया है ।[१९] અલગ–અલગ વિદ્વાનોએ પૂર્વે મહાકાવ્યોને લક્ષમાં રાખીને મહાકાવ્યોનાં લક્ષણો બતાવ્યાં છે. તેમાં અગ્નિપુરાણકાર, દંડી, ભામહ અને વિ નાથ વગેરે પંડિતોના લક્ષણોને બધાએ સ્વીકાર્યા છે. આચાર્ય ભામહે પોતાના સાહિત્યશાસ્ત્રના ગ્રંથ કાવ્યાલંકારમાં પ્રથમ પરિચ્છેદમાં મહાકાવ્યનાં લક્ષણો આ પ્રમાણે આપ્યા છે :

सर्गबन्धो महाकाव्यं महताश्च महत्वयत् ।
अग्राम्यशब्दमर्थ्यञ्च सालंकारं सदाश्रयम् ।।

अन्त्रदूतप्रयाणानि नायकाभ्युदयश्च यत् ।
पंचमि: सन्धिभियुक्तं नातिव्यारव्येयमृद्धिमत् ।।

चतुर्वर्गाभि धानेऽपि भूयसार्थोपदेशकृत ।
युक्तं लोकस्वभावेन रसैश्च सकलै पृथक् ।। [२०]

સૌ પ્રથમ આચાર્ય ભામહે 5 મી સદીમાં મહાકાવ્યનાં લક્ષણો આ પ્રમાણે આપ્યાં હતાં.

૧. મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઇએ.

૨. મહાકાવ્ય મોટું હોવું જોઇએ.

૩. મહાકાવ્ય સદ્ આશ્રયવાળું હોવું જોઇએ.

૪. મહાકાવ્યમાં નાયકનો અભ્યુદય થવો જોઇએ.

૫. મહાકાવ્યમાં પાંચ સંધિઓનો પ્રયોગ થયેલો હોવો જોઇએ.

૬. મહાકાવ્યનો હેતુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સાધવાનો હોવો જોઇએ.

૭. લોકોને ગમે તે રીતે બધા રસ–વૈવિધ્યથી ભરપુર હોવું જોઇએ.

૮. સદ્વંશમાં જન્મેલ ક્ષત્રિય પુરુષ નાયક તરીકે હોવો જોઇએ.

૯. લોકોને આનંદ આપનારું હોવુ જોઇએ.

૧૦. મંત્રદૂત–પ્રેષણ, નાયકનો ઉદય વગેરે વર્ણનો આવવાં જોઇએ.

આચાર્ય દંડીએ પોતાની કૃતિ 'કાવ્યાદર્શ' માં મહાકાવ્યનાં લક્ષણો આપ્યા છે.

१. आशीर्नमस्क्रिया वस्तु–निर्देशो वाऽपि तन्मुखम् ।।

२. ईतिहास–कथाद्भूतमितरद्वा सदाश्रयम् ।

३. चतुर्वर्ग कलाचत्त,

४. चतुरोदात्त–नायकम् ।

५. (क) नगरार्णव–शैलर्तुर्चन्द्रोऽर्कोदयवर्णनैः ।

(ख) उद्यान–सलिल–क्रीडा–मधुपान–रतोत्सवैः ।

विप्रलम्भैर्विवाहैश्च कुमारीदयवर्णनैः ।।

(ग) मन्त्रदूत–प्रयाणाजि–नायकाम्युदयैरपि–अलंकृतम्

६. असंगक्षिप्त रस–भाव–निरन्तरम् ।

७. सगैरनतिविस्तीणैः श्रव्य–वृत्तैः सुसन्धिभिः।।[२१]

આચાર્ય દંડીએ છઠ્ઠી સદીમાં મહાકાવ્યનાં લક્ષણો આપી મહાકાવ્યને સમજાવવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે તેમનો મત નીચે પ્રમાણે છે.

૧. મહાકાવ્ય સર્ગબદ્ધ રચના છે.

૨. શરૂઆતમાં આશિર્વાદ અને મંગલાચરણ અને વસ્તુનિર્દેશ થવો જોઇએ.

૩. મહાકાવ્યમાં વર્ણવેલ વસ્તુ ઇતિહાસ પ્રસિદ્ધ હોય કે કોઇક સજ્જન સંબંધી હોય અને તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનાર હોય.

૪. નાયક ચતુર અને ઉદાત્ત હોય

૫. મહાકાવ્યમાં નગર, સમુદ્ર, ચંદ્રોદય, સૂર્યોદય, પર્વત, પવનક્રીડા, વિયોગ અને વિવાહ, કુમાર જન્મ, મંત્રદૂત–પ્રેષણ, યુદ્ધયાત્રા મદ્યુપાનનો ઉત્સવ, નાયકનો ઉદય વગેરે વિષયોનું વર્ણન આવવું જોઈએ.

૬. મહાકાવ્યનો બૃહદ આકાર, અલંકૃત, રસભાવથી યુકતત રચના છે. સર્ગો બહુ લાંબા ન જોઈએ. સર્ગાન્તે ભિન્ન છેદ હોય, આવું લોકમનોરંજક મહાકાવ્ય અમર બને છે તથા અનેક કલ્પો સુધી વિખ્યાત બને છે.

મહાકાવ્યનાં લક્ષણો આ પ્રમાણે આપવામાં આવ્યા છેઃ

सर्गबन्धो महाकाव्यमारब्धं संस्कृतेन यत् ।
तादात्म्यमजहत् तत्र तत्समं नाति दुष्यति ।।

इतिहास कथोद्मतमितरद्वा सदाश्रयम् ।
मन्त्रदूत प्रयाणाजि नियतं नातिविस्तरम् ।।

शक्वर्याति जगत्याति शक्वर्या त्रिष्टुभा तथा ।
पुष्पिताग्रादिभिर्वक्र)भि जनैश्चारूभिः समैः ।।

मुक्ता तु भिन्न–वृतान्ता, नाति संक्षिप्त–सर्गकम् ।
अतिशक्वरिकाऽष्टिभ्यामेकसंकीर्णकैः परः ।।

मात्रायाऽप्टापरः सर्गः प्राशस्त्येषु च पश्चिमः ।
कलयाऽतिनिन्दितस्तस्मिन् विशेषानादरः सताम् ।।

नगरार्णव शैलर्तु चन्द्रार्काश्रमपादपैः ।
उद्यान सलिल क्रीडा मधुपान रतोत्सवैः ।।

दूतीवचनविन्यासैरसतीचरिताद्भुतैः ।
तमसा मरूताऽप्यन्यैर्विभावैरतिनिर्भरैः ।।

सर्व वृर्ति प्रवृतं च, सर्व भाव प्रभावितम् ।
सर्वरीतिरसैः पुष्टं पुष्टं गुणविभूषणैः ।।

अतएव महाकाव्यं, तत्कर्ता च महाकविः ।
वाग्वैदग्ध्यप्रधानेऽपि रस एवात्र जीवितम् ।।

पृथक् प्रयत्न निर्वर्त्य वाग्वक्रित्रम्णि रसाद् वपुः ।
चतुर्वर्गकलं विष्वग् व्यारव्यातं नायकारव्यया ।।[२२]

અગ્નિપુરાણ કારે મહાકવિ દંડીની જેમ જ મહાકાવ્યનુ ચતુવર્ગફળ કહ્યું છે. ભામહે પણ ચારેય પુરૂષાર્થને આવશ્યક માન્યા છે. અગ્નિપુરાણકારના મત પ્રમાણે મહાકાવ્યમાં.....

૧. મહાકાવ્ય સર્ગબદ્ધ રચનાવાળું હોવું જોઇએ.
૨. વિસ્તારની દષ્ટિએ મહાકાવ્ય મોટું હોવું જોઇએ.
૩. મહાકાવ્ય ઐતિહાસિક કથાવસ્તુવાળું હોવું જોઇએ.
૪. મહાકાવ્યનો આશ્રય શ્રેષ્ઠ હોવો જોઇએ.
૫. મહાકાવ્ય લોકોને આનંદ આપનારું હોવું જોઇએ.
૬. મહાકાવ્યના સર્ગ અતિ નાના કે ખૂબ જ મોટા ન હોવા જોઇએ.
૭. મહાકાવ્યમાં નગરોનું, સમુદ્રનું, ચંદ્રનું, બગીચાઓનું, જળનું, રમતોનું તથા રતી ઉત્સવનું વર્ણન હોવું જોઇએ.
૮. મહાકાવ્યમાં સદ્વંશમાં જન્મેલ ક્ષત્રિય પુરુષ નાયક તરીકે હોવો જોઇએ. પ્રેષણ, મંત્રદૂત, નાયકનો ઉદય વગેરે વર્ણનો આવવાં જોઇએ.
૯. મહાકાવ્યમાં ચાર પુરુષાર્થોને પ્રાપ્ત કરનારું હોવુ જોઇએ. કોઇક વિશિષ્ટ ધ્યેયને અનુલક્ષીને રચવામાં આવેલું મહાકાવ્ય શ્રેષ્ઠ પ્રસિદ્ધિને પામે છે.

આચાર્ય વિ   નાથે પણ મહાકાવ્યના લક્ષણો દર્શાવ્યા છે, જે આ પ્રમાણે છે....

सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुरः
सद्वंश क्षत्रियो जापि धीरोदात्त गुणान्वितः ।।

एकवंशभवा भूपाः कुलजा बहवोऽपि वा ।
श्रृंगारवीर शान्तानामेकोङ्गी रस रूष्यते ।।

अङ्गानि सर्वेऽपि रसाः सर्वे नाटकसन्धयः ।
इतिहासोद्भवं वृत्तमन्यद्वा सज्जनाश्रयम् ।।

चत्वारस्तस्य वर्गा: स्युस्तेष्वेकं च फलं भवेत् ।
आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देश एव वा ।।

क्वचिन्निन्दा खलादीनां सतां च गुणकीर्तनम् ।
एकवृत्तमयै: पद्यखसानेऽन्यवृत्तमकै: ।।

नातिस्वल्या नातिदीर्धा: सर्गा अष्टाधिका इह ।
नानावृत्तमय: कवापि सर्ग: कश्वन दृश्यते ।।

सर्गान्ते भाविसर्गस्य कथाया: सूचनं भवेत् ।
संध्या सूर्येन्दुरजनी प्रदोषध्वान्तवासरा: ।।

प्रातर्मध्याहनमृगया शैलर्तुवनसागरा: ।
संभोगविप्रलम्भौ च मनुस्वर्गपुराध्वरा: ।।

रणप्रयाणोपयमी मंत्र पुत्रोदयादय: ।
वर्णनीया यथायोगं साङ्गोपाङ्ग अमी इह ।।

कवेर्वृत्तस्य वा नाम्ना नायकस्येतरस्य वा ।
नामास्य सर्गोपादेयकत्यया सर्गनाम तु ।।[२३]

આચાર્ય વિ  નાથે 'સાહિત્યદર્પણ' નામની પોતાની કૃતિમાં મહાકાવ્યના લક્ષણો આપ્યાં છે. તેમણે પણ પૂર્વે કૃતિઓને ધ્યાનમાં રાખીને લક્ષણો આપ્યાં છે. તેમના મતે મહાકાવ્ય સર્ગમાં વિભકતત હોવું જોઇએ. ધીરોદાત ગુણોથી યુકતત કોઇ એક દેવતા અથવા કુલિન ક્ષત્રિય નાયક હોય છે. કતયારેક કતયારેક એક જ વંશના કુલીન ઘણાં બધા રાજાઓ નાયક હોય છે. શૃંગાર, વીર અને શાંત રસમાથી કોઇ એક મુખ્ય રસ હોવો જોઇએ. અન્ય રસ ગૌણ રસ તરીકે રજૂ કરી શકાય. કાવ્યની મુખ, પ્રતિમુખ વગેરે બધી જ સંધિયો હોય છે. મહાકાવ્યનું કથાવસ્તુ ઐતિહાસિક હોવું જોઇએ. ચાર વર્ગ અથવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી કોઇ એક ફળ પ્રાપ્ત કરવાનું પ્રયોજન હોય છે.

મહાકાવ્યની કથાવસ્તુમાં આશીર્વાદ, નમસ્કાર અથવા વર્ણવિષયનો નિર્દેશ હોય છે. કયાંક કયાંક

ખલપુરુષની નિંદા અને સજ્જનોના ગુણોનું વર્ણન હોય છે. ઓછામાં ઓછા આઠ સર્ગોમાં મહાકાવ્ય વિભક્તત હોવું જોઇએ. જે ખૂબ જ મોટા અને નાના ન હોવા જોઇએ. દરેક સર્ગમાં એક જ છંદનો પ્રયોગ થયો હોવો જોઇએ. પ્રત્યેક સર્ગનો અંતિમ છંદ અલગ હોવો જોઇએ. કતયાક કતયાંક એક જ સર્ગમાં નવા છંદનો પ્રયોગ થયેલો જોવા મળે છે. સર્ગના અન્તે આગલા સર્ગની કથાની સૂચના આપેલી હોવી જોઇએ.

મહાકાવ્યના વર્ણન વિષયોમાં સંધ્યા, સૂર્ય, ચન્દ્રમા, રાત્રિ, દિન, અન્ધકાર, પ્રાતઃ, મધ્યાહન, મૃગયા, પર્વત, વન, ઋતુ, સમુદ્ર, સમ્ભોગ, વિયોગ, મુનિ, સ્વર્ગ, નગર, યજ્ઞ, સંગ્રામ, યાત્રા, વિવાહ, મંત્ર, પુત્ર, અભ્યુદય વગેરેનું સાંગોપાંગ વર્ણન હોવું જોઇએ, તેનું નામ કવિના નામથી, ચરિત્રના નામથી કે ચરિત્ર નાયકના નામથી હોવું જોઇએ. સર્ગની કથાવસ્તુને આધારે સર્ગનું નામકરણ હોય છે.

આચાર્ય રુદ્રટ પણ મહાકાવ્યના લક્ષણો વિશે વિસ્તારપૂર્વક જણાવે છે, જે નીચે પ્રમાણે છેઃ

तत्रोत्पाद्ये पूर्वम सन्नगरीवर्णनं महाकाव्ये ।
कुर्वीत तदनुतस्यां नायकवंशप्रशंसा च ।।

तत्र त्रिवर्गसक्तं समिद्धशक्तित्रयं च सर्वगुणम् ।
रक्तसमस्तप्रकृतिंविजिगीषुं नायकं न्यसेत् ।।

विधित्परिपालयत: सकलं राज्यं च राजवृतं च ।
तस्य कदाचिदुपेतं शरदादि वर्णयेत्समयम् ।।

स्वार्थं मित्रार्थं वा धर्माद सार्धयिष्यतस्तस्य ।
कुलयादिष्वन्यतमं प्रतिपक्षं वर्णपदेगुणिनम् ।।

स्व चरात्तद् दूताद्वा कुलोऽपि वा वर्णयतोरिकार्याणि ।
कुर्वीत सदसि राज्ञां क्षोभं क्रोधेद्धचितंगिराम् ।।

समन्त्र्य समं सचिवैर्निश्चित्य च दण्डसध्यितां रात्रो: ।
तं दापयेत्प्रयाणं दूतं वा प्रेषयेन्मुखरम् ।।

अत्र नायकप्रयाणे नागरिकाक्षो भजनपदाद्रिनदीन: ।
अटवीकाननसरसीमरूजलधिद्वीपभुवनानि ।।

स्कन्धंवारनिवेशं क्रीडां, यूनां यथायथं तेषु ।
रव्यस्तमयां संध्यां संतमसमयदयं शशिनः ।।

रजनीं च तत्र यूनां समाजसंगीतपान श्रृंगारान् ।
ईति वर्णयेत्प्रसंगात्मकथां च भूयो निवध्नीयात् ।।

पतिनायकमपि तद्वतदक्षिमुखंममृष्यमाणमायान्तम् ।
अभिदध्यात्कार्यवशान्नगरीरोधस्थितं वाणि ।।

योद्धव्यं प्रसरिति प्रबन्धमधुपीति निशि कालत्रेभ्यः ।
स्ववधं विशंकमानान्संदेशान्दापयेत्सुभहान् ।।

संनह्य कृतव्यूहं सविस्मयं युध्यामानयोरूभयोः ।
कृच्छ्रेण साधु कुर्यादभ्युदयं नायकस्यान्तम् ।।

सर्गाभिधानि चास्मिन्नवातप्रकरणानि कुर्वीत ।
संधीनपि संश्लिष्यंस्तेषामन्योन्यसंबन्धात् ।।[२४]

આચાર્ય રુદ્રટે કાવ્યાલંકાર નામના પોતાના અલંકારશાસ્ત્રના ગ્રંથમાં મહાકાવ્યનાં લક્ષણો દર્શાવ્યા છે તેને વિગતે સમજવાનો પ્રયત્ન કરીએ.

મહાકાવ્યનાં પ્રારંભમાં સુંદર નગરીનું વર્ણન તથા નાયકના કુળની પ્રશંસા હોવી જોઇએ. ત્યાર પછી મન્ત્ર, પ્રભુ અને કોપ શકિતપથી સંપન્ન, બધા જ ગુણોથી યુકતત બધી જ પ્રજાને પ્રિય એવા નાયકનો ઉપન્યાસ કરવો જોઇએ. રાજ અને રાજધર્મનું પાલન કરતા–કરતા તેમાં પ્રસંગમાં આવતા શરદ વગેરે ઋતુઓનું વર્ણન કરવું જોઇએ. પોતાના મિત્ર તથા ધર્મ વગેરે પ્રયોજનને સિદ્ધ કરતા તે નાયકના પ્રતિનાયકને કુળોમાં અગ્રણ્ય અને ગુણવાન રૂપમાં ચિત્રિત કરવો જોઇએ.

રાજસભામાં પોતાના, પ્રતિપક્ષના દૂત અથવા અન્ય કોઇ સૂત્ર દ્વારા શત્રુના કાર્યોને સાંભળીને ક્રોધે થયેલા નાયકના મન અને વાણીનું વર્ણન કરવું. સચિવો સાથે મંત્રણા કરી શત્રુની દંડસાધ્યતા નકતકી કરી તે શત્રુ ઉપર આક્રમણ કરવું અથવા તેને પાસે કોઇ ચંચળ દૂત મોકલવો. ત્યારપછી નાયકના પ્રસ્થાનમાં લોકોના ધૈર્ય, દેશ, નદી, પર્વત, અરણ્ય, વન, સરોવર, મરુ સ્થળ, સાગર, દ્વીપ વગેરેનું વર્ણન કરવું.

સૈન્યનો પડાવ તથા તેમાં યુવકોની ક્રીડા, સૂર્યાસ્તનું, અંધકાર અને ચંદ્રોદયનું વર્ણન કરવું. રાત્રિ, યુવકોનો સમાજ, સંગીત, પાન ગોષ્ઠિ અને પ્રસંગને અનુકૂળ શૃંગાર વર્ણન કરવું. આ પ્રકારે કથાનું પ્રભુત્વ વિસ્તારવું. નાયકની જેમ જ પ્રતિનાયકનું વર્ણન કરવું જોઇએ. પ્રયોજનવશ નગરી ઉપર આક્રમણ કરવાનું વર્ણન પણ કરવું જોઇએ.

સવારના સમયે યુદ્ધ કરવાનું છે તે કારણે પોતાના મૃત્યુની શંકા કરવાવાળા સૈનિકો દ્વારા રાતના સમયે સ્ત્રીયો માટે મદિરાપાનનો સંદેશ અપાવવો. સજાગ રહીને વ્યૂહ બનાવીને આશ્ચર્યપૂર્વક પરસ્પર યુદ્ધ કરતા બન્નેમાંથી નાયકનો ખૂબ જ કઠિનાઇપૂર્વકનો વિજય દર્શાવવો જોઇએ. સંઘર્ષ કરીને અંતે નાયક વિજય પ્રાપ્ત કરે તેવું વર્ણન કરવું જોઇએ. આ મહાકાવ્યમાં અન્ય આચાર્યોએ સૂચવેલા પરસ્પર સંબદ્ધ સંશ્લિષ્ટ સંધિયો તથા અવાન્તર પ્રકરણોની સર્ગબદ્ધ રચના કરવી જોઇએ. આવી રીતે આચાર્ય રુદ્રટે પોતાના ગ્રંથમાં મહાકાવ્યના લક્ષણો સૂચવ્યા છે.

મહાકાવ્યમાં આઠથી ઓછા અને ત્રીસથી વધારે સર્ગો ન હોવા જોઇએ. મહાકાવ્યનું પ્રયોજન મહાપુરુષની કીર્તિવાળું હોવું જોઇએ. એવું ઇશાનસંહિતામાં લખ્યુ છે. [૨૫]અગ્નિપુરાણમાં કહેવામાં આવ્યું છે કે મહાકાવ્યમાં વાક્ચાતુરીનું પ્રાધાન્ય હોવા છતાંય રસ પ્રમાણભૂત છે.[૨૬]

આચાર્ય વિ  નાથે સાહિત્યદર્પણ નામના પોતાના ગ્રંથમાં મહાકાવ્યના લક્ષણો આપ્યા છે જે સંપૂર્ણ જણાય છે. આચાર્ય રુદ્રટ, આચાર્ય ભામહ, આચાર્ય દંડી વગેરે આલંકારિકોએ પોતાના પૂર્વેના કવિઓના મહાકાવ્યોને લક્ષમાં રાખીને મહાકાવ્યના સ્વરૂપ અંગે જે લક્ષણો તારવ્યા છે તેના આધારે મહાકાવ્યના બાહ્ય લક્ષણો અને આંતર લક્ષણો આ પ્રમાણે તારવી શકાય છે.

### ૩.૧ મહાકાવ્યનાં આંતરિક લક્ષણો :

૧. મહાકાવ્ય મધુર છંદોમાં રચાયેલા શ્લોકોવાળું હોવું જોઇએ. આખો સર્ગ એક જ છંદમાં પરંતુ સર્ગને અનેક પ્રકારના છંદોમાં લખાયેલ હોવો જોઇએ.

૨. મહાકાવ્યની મુખ્ય કથા અનેક વર્ણનોથી પરિપૂર્ણ હોવી જોઇએ. જેમ કે સવાર, બપોર, અંધકાર, વન, નગર, સંધ્યા, સાગર, સ્વર્ગ, મુનિ, યજ્ઞ, રણમેદાન, પ્રયાણ, પર્વતપ ઋતુઓ, સૂર્યોદય, ચંદ્રોદય, વાટિકા, જલક્રીડા, મધુપાન, રતિક્રીડા, ઉત્સવો વગેરે

૩. મહાકાવ્યમાં મુખ્ય અલંકારો જેવા કે શ્લેષ, ઉપમા, અનુપ્રાસ વગેરેનો ઉપયોગ કરેલો હોવો જોઇએ.

૪. મહાકાવ્યમાં દરેક સર્ગને અંતે કથાના વિકાસની ઉત્કંઠા થાય તેમ સર્ગનું સમાપન કરવું જોઇએ.

૫. મહાકાવ્યમાં દુષ્ટ લોકોની નિંદા અને સજજન લોકોની પ્રશંસા હોવી જોઇએ.

૬. મહાકાવ્યમાં નાટકની જેમ જે પાંચ સંધિઓ મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ અને નિર્વહણ છે તેનો ઉપયોગ કરવો જોઇએ.

### ૩.૨ મહાકાવ્યનાં બાહ્ય લક્ષણો :

૧. મહાકાવ્ય ખૂબ જ ટૂંકુ કે ખૂબ જ લાંબુ ન હોવું જોઇએ. મહાકાવ્યમાં આઠથી વધારે સર્ગ હોવા જોઇએ.

ઈશાનસંહિતા પ્રમાણે આઠથી ઓછા અને ત્રીસથી વધારે ન હોવા જોઇએ.

૨. મહાકાવ્યનું શીર્ષક કવિના નામ ઉપરથી, કથાવસ્તુમાં આવતા પ્રસંગના આધારે અથવા નાયક કે નાયિકાનાં નામ ઉપરથી આપવું જોઇએ. એ જ પ્રમાણે મહાકાવ્યનાં સર્ગોના નામ પણ તેમાં આવતી કથાના આધારે આપવા જોઇએ.

૩. મહાકાવ્યમાં સર્ગો બહુ ટૂંકા કે લાંબા ન હોવા જોઇએ. દરેક સર્ગમાં ત્રીસથી ઓછા અને બસોથી વધારે શ્લોકો ન હોવા જોઇએ.

૪. મહાકાવ્યની શરૂઆત આશીર્વાદ, નમસ્કાર કે કથાવસ્તુના નિર્દેશપૂર્વક કરવામાં આવે છે.

### ૩.૩. કથાવવસ્તુ / કથાનક

૧. મહાકાવ્યનું કથાવસ્તુ કવિ કલ્પના કરતા સત્ય બાબત ઉપર આધારિત હોવું જોઇએ.

૨. મહાકાવ્યમાં કોઇપણ એક જ વંશમાં જન્મેલા વિવિધ શૂરવીર પુરુષોનું જીવનચરિત્ર કથાવસ્તુ તરીકે લઇ શકાય.

૩. કથાવસ્તુ મુખ્યત્વે પૂર્વ મહાકાવ્યો રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાંથી લેવાયેલું હોવું જોઇએ.

૪. સમાજમાં કે પુરાણો વગેરેમાં પ્રસિદ્ધ થયેલા શ્રેષ્ઠ પુરુષોના જીવનચરિત્રને કથાવસ્તુ તરીકે લઇ શકાય.

### ૩.૪ રસ :

વિદ્વાનોના મતે મહાકાવ્યમાં શૃંગાર, વીર અને શાંત આ ત્રણમાંથી એક મુખ્ય રસ તરીકે રાખી શકાય છે. તથા કરુણ, હાસ્ય, બીભત્સ, ભયાનક, અદ્ભૂત અને રૌદ્ર રસો ગૌણ રસ રૂપે વર્ણવી શકાય.

### ૩.૫ નાયક :

મહાકાવ્યમાં કોઇ દેવ પુરુષ નાયક તરીકે હોઇ શકે. શ્રેષ્ઠ વંશમાં જન્મેલ પુરુષ નાયક તરીકે હોઇ શકે ધનંજયે દશરૂપકમમાં નાયકના લક્ષણો બતાવ્યા છે. તે પ્રમાણે નાયક બુદ્ધિશાળી, શૂરવીર, તેજસ્વી, વિનયી, મધુર, ત્યાગી, હોંશિયાર, મીઠું બોલનાર, યુવાન, સ્થિર, સ્મૃતિવાળો, યુદ્ધમાં વિજય મેળવનાર, ધાર્મિક અને શાસ્ત્રનો જ્ઞાતા હોવો જોઇએ.[૨૭]

### ૩.૬ પ્રયોજન :

મહાકાવ્યનું પ્રયોજન વાચકોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનારું હોવું જોઇએ. ચતુરવર્ગનું નિરૂપણ અને કોઇ એકનું પ્રાધાન્ય હોવું જોઇએ. આ પ્રકારનું મહાકાવ્ય સમગ્ર સમાજમાં લોકોને આનંદ આપનારું હોવું જોઇએ.

સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય આચાર્યોએ મહાકાવ્યના લક્ષણો આપ્યા છે. બધા જ આચાર્યોએ કંઈક ને કંઈક નવિન રીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. બધા જ સાહિત્યકારો શ્રેષ્ઠ મહાકાવ્યનાં લક્ષણો આપવામાં આવ્યા છે. પરંતુ જો તેમાંથી કોઇ એકાદ લક્ષણ મહાકાવ્યમાં ન હોય તો તે મહાકાવ્ય નથી એમ કહી શકાતું નથી. કારણ કે જેમ શરીરનાં કોઇપણ બે ત્રણ અંગો ખામીવાળા હોય છતા પણ તે શરીર જ કહેવાય છે. એવી રીતે મહાકાવ્યમાં મોટા ભાગના લક્ષણોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેને મહાકાવ્ય કહે છે.

**૩.૭. પાશ્ચાત્ય મહાકાવ્યના લક્ષણો :**

ભારતીય સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યનાં જેમ લક્ષણો આપવામાં આવ્યાં છે તેમ પશ્ચિમના સાહિત્યમાં પણ મહાકાવ્યનાં લક્ષણો આપવામાં આવ્યાં છે. વિદેશી સાહિત્યમાં મહાકાવ્યને 'લાંબુ કથાત્મક કાવ્ય' કહ્યું છે. તે વીરકાર્ય પર કેન્દ્રિત હોય છે અને જેમાં સામાન્ય રીતે એક મુખ્ય નાયક હોય છે.[૨૮]

વિદેશી સાહિત્યમાં મહાકાવ્યના બે પ્રકાર પાડવામાં આવ્યા છે.

૧. ધી પ્રીમીટીવ એપીક[૨૯]

૨. ધી લેટર એપીક[૩૦]

૩. પ્રીમીટીવ એપીકને ''ધી એપીક ઓફ ગ્રોથ'' કહે છે.[૩૧]

૪. લેટર એપીકને ''ધી એપીક ઓફ આર્ટ''[૩૨]

પાશ્ચાત્ય મહાકાવ્ય ''ધી એપીક ઓફ ગ્રોથ'' કોઇ એક જ કવિની રચના નથી હોતી. પરંતુ તે વૃદ્ધિ અને વિકાસની પ્રક્રિયા દ્વારા અસ્તિત્વમાં આવે છે. તે મહાકાવ્યમાં વીરરસના કાવ્યો, પ્રાચીન દંતકથાઓ અને લોકકાવ્યો વગેરેનું સંયોજન હોય છે. આસ કરીને ''બેલેડસ'' માંથી ''બેલેડ સાઇકલ્સ'' અને તેમાંથી ''ધી એપીક ઓફ ગ્રોથ'' નો વિકાસ થાય છે. એંગ્લો સેકતશન, બ્યુવુલ્ફ અને પ્રાચીન જર્મનીનું નીબેલન્જ લાઇડ આ પ્રકારના મહાકાવ્યો છે. ગ્રીક કવિ હોમરનાં ઇલિયડ અને ઓડીસી જેવાં મહાકાવ્યો પણ આ જ શ્રેણીમાં મૂકી શકાય છે.[૩૩]

પાશ્ચાત્ય વિદ્વાન હડસન પ્રીમીટીવ એપીકતસ વિશે જણાવે છે કે આવા એપિકતસમાં આધિભૌતિક, પુરાણકથાઓ સાથે માનવીય તત્ત્યવો પણ હોય છે. તેમાં એક જ પ્રકારના વિષયનું સંયોજન હોય છે. આ એપિકતસના વિષયવસ્તુ, હોમરની વ્યાખ્યા ખૂબ જ વીરપુરુષ, કોઇ એક જાતિના મહાન વાર્તાના વીરપુરુષ કે જેની કદિ ન ભૂલાય તેવી પરંપરાગત વ્યાપક કાયા હોય, તેવા પુરુષના કાર્યો ઉપર આધારિત હોય છે. અન્ય એક પાશ્ચાત્ય વિવેચક મરચન્ટ પોલ નામના વિદ્વાન મહાકાવ્યને વિશાળ વિસ્તારવાળું કહે છે. કોઇ એક જાતિનું પુસ્તક છે તે જાતિની પ્રણાલિઓ અને પરંપરાનો તે સબળ પુરાવો છે તથા તે સાથે મનોરંજન આપનારુ કથાનક પણ છે. એક અન્ય વિદ્વાનના મતે મહાકાવ્ય સામાન્ય સહમતિ પ્રમાણે મહાકાવ્ય

લંબાણવાળું કથાનક છે અને તે એવા પ્રસંગોનું નિરૂપણ કરે છે જેમાં કથાનક ભવ્ય હોય, તેનું શ્રેષ્ઠ મહત્વ હોય વનમાંથી ઉત્પન્ન થયેલા યુદ્ધના હિંસક વર્ણનોથી સજ્જ હોય.

''ધી એપીક ઓફ આર્ટ'' આ પાશ્ચાત્ય મહાકાવ્ય પાછળથી વિકસેલું સ્વરૂપ છે. તે કોઇપણ એક જ કવિની રચના હોય છે. કથાનકની દષ્ટિએ બંને પ્રકારના મહાકાવ્યોમાં વધારે તફાવત નથી. ''ધી એપીક ઓફ ગ્રોથ'' બેલેડની શૈલીમાં લખાયેલા હોય છે તથા તેમાં પ્રાચીન સરળ પ્રવાહી શૈલી પ્રયોગ થાય છે. '' ધી એપીક ઓફ આર્ટ'' પ્રકારના મહાકાવ્યમાં તેની ભાષા જ ારે સંપૂર્ણ વિકાસના આરે પહોંચે તથા જે તે સમાજનો સાંસ્કૃતિક વિકાસ ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યારે રચાય છે. આવું ઉત્તમ પ્રકારનું મહાકાવ્ય તેની ઉત્તમ શૈલી અને સંસ્કૃત ભાષાને લઇને પછીના કવિઓ માટે આદર્શરૂપ બની જાય છે. પછીના કવિઓને તે શ્રેષ્ઠ સર્જન કરવાની પ્રેરણા પૂરી પાડે છે.

→ વર્જીલનું એનીડ

→ દાન્તેનું ડીવાઇન કોમેડી

→ મિલ્ટનનું ધી પેરેડાઇઝ લોસ્ટ

આ મહાકાવ્યો ''ધી એપીક ઓફ આર્ટ'' પ્રકારના ગણાય છે.

એક અન્ય પાશ્ચાત્ય વિદ્વાન હડસન ''ધી એપીક ઓફ ગ્રોથ'' વિશે કહે છે કે તે સાહજિક, તાજગીપૂર્ણ અને કામને અનુરૂપ હોય છે. જ ારે ''ધી એપીક ઓફ આર્ટ'' પાંડિત્યપૂર્ણ, તાજગીરહિત, વિદ્વત ાપૂર્ણ અને અનુસરણીય હોય છે. હડસન આ બન્ને મહાકાવ્યો વિશે ઉપરોકતત મત રજૂ કરે છે. મિલ્ટનનાં પેરેડાઇજ લોસ્ટમાં આદમ અને ઈવ સિવાયનાં અન્ય પાત્રો આધિભૌતિક છે.

પાશ્ચાત્ય મહાકાવ્ય એક સળંગ છંદમાં લખવામાં આવે છે. તેમાં કથાવસ્તુ ખૂબ જ લંબાણપૂર્વક હોય છે. ઇલિયડ કાવ્યમાં ઓગણપચાસ દિવસની કથા છે. તેમાં મુખ્ય યુદ્ધ, સાહસ, બહાદુરી વગેરેનું વર્ણન હોય છે. પાશ્ચાત્યના મોટા ભાગનાં મહાકાવ્યોમાં યુદ્ધની કથાનું જ વર્ણન હોય છે. 'ધી ડીવાઇન કોમેડી' માં કોઇ નકતકી કરેલો નાયક નથી. તેમાં કવિ પોતે જ પોતાના મુખેથી સંપૂર્ણ કથાને રજૂ કરે છે તે પોતે જ મુખ્ય પાત્ર છે. આ કાવ્યમાં મહાકાવ્યને અનુરૂપ કથન, શૈલીનો પ્રયોગ જોવા મળે છે. તેની વિચિત્રતા, કથાનકની વિસ્તૃતતા તેને એક આદર્શ મહાકાવ્ય બનાવે છે.

પાશ્ચાત્ય વિદ્વાન આર.જે. રીઝ ના મતે મહાકાવ્ય લખનારાઓમાં અમૂક પ્રકારના લક્ષણો હોવો જોઇએ. બધા જ મહાકાવ્યના રચનારાઓમાં એક સર્વસામાન્ય લક્ષણ દેખાય સાથે છે તેનામા સમર્પણ ભાવના રહેલી હોય છે જે એક મૂર્તિ બનાવનાર શિલ્પકારમાં હોય. જે સંપૂર્ણ સમર્પણ ભાવ રાખીને ભગવાનની ભવ્ય મૂર્તિનું સર્જ કરે છે. કેટલીય ખાસ લક્ષણોવાળી રચનાને જ મહાકાવ્ય ગણી શકાય. મહાકાવ્યમાં શ્રેષ્ઠ પ્રકારનું ગાંભીર્ય હોવું જોઇએ. મહાકાવ્યનું કથાવસ્તુ ખૂબ જ વિસ્તૃત હોવું જોઇએ.

કવિએ પોતાના મહાકાવ્યમાં અરણ્યના તમામ તત્ત્વવોનું નિરૂપણ કરેલું હોવું જોઇએ. ફકતત પૃથ્વી, નગરો કે શહેરો જ નહી પરંતુ સ્વર્ગ, આલોક, પરલોક અને મૃત્યુ પછીની ઘટનાઓ પણ હોવી જોઇએ. મહાકાવ્ય અનેક સદીના સમયને આવરી લેતુ હોવું જોઇએ.

પાશ્ચાત્ય મહાકાવ્યમાં વિષયવસ્તુનું નિરૂપણ અને ''યુનિટી ઓફ ડિઝાઇન'' એ મહાકાવ્યનું લક્ષણ છે. પ્રા. ટીલીયર્ડ નામના વિદ્વાન મહાકાવ્ય વિશે કહે છે કે તેમાં કવિ ફકતત પોતાની વાત નથી કરતો પણ સમગ્ર માનવજાતની વાત કહે છે. ધર્મ, રાષ્ટ્ર, વગેરેના વર્ણનો મહાકાવ્યમાં સમાવિષ્ટ થાય છે. મહાકાવ્યમાં અન્ય બાબતો પણ આવે છે. તેની શરૂઆત પ્રાર્થનાથી થાય અને કવિ ઇ   રને સહાયરૂપ થવા વિનવે છે. મહાકાવ્યમાં ઉપમાઓનો પ્રયોગ થાય છે. પાશ્ચાત્ય કવિઓએ બધા જ મહાકાવ્યોમાં આ ઉપમાઓનો પ્રયોગ કરેલો જોવા મળે છે. માણસના કાર્યોમાં દેવો અને અન્ય તત્ત્વવો મદદ કરે છે તેવુ લેખકો માને છે.

પ્રા. બી. કે. ઠકતકર પશ્ચિમના દેશોના મહાકાવ્યની વ્યાખ્યા આપતા જણાવે છે મહાકાવ્ય એટલે એક આખા યુગનું સાચુ અથવા કાલ્પનિક ચિત્ર રજૂ કરે છે. તેમાં એકથી વધારે ઉમદા ગૌરવયુકતત સાહસનું વર્ણન જોવા મળે છે. જેમાં નાયકના રાષ્ટ્રિય, ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યો આત્મસાત કરેલ જોવા મળે છે. તેની ક ાંક વચ્ચેથી શરૂ થતુ હોવું જોઇએ. તથા સરળ રીતે આગળ વધતુ હોવું જોઇએ.

ભારતીય મહાકાવ્યો અને પાશ્ચાત્ય મહાકાવ્યોનાં લક્ષણો મોટે ભાગે મળતા આવે છે.

૧. ભારતીય અને પાશ્ચાત્ય બન્ને મહાકાવ્યોનું પ્રયોજન એક જ છે.
૨. બન્નેમાં મહાકાવ્યનું કથાવસ્તુ પ્રખ્યાત હોવું જોઇએ.
૩. કથાનક ઈતિહાસ પ્રસિદ્ધ હોવું જોઇએ.
૪. મહાકાવ્યનો નાયક ઉચ્ચ ચરિત્રવાળો અને આદર્શ હોવો જોઇએ.

ભારતીય તથા પાશ્ચાત્ય મહાકાવ્યોમાં તફાવત પણ જોવા મળે છે જે નીચે પ્રમાણે છેઃ

૧. ભારતીય મહાકાવ્યમાં શૃંગાર, વીર કે શાંત આ ત્રણ રસોમાંથી કોઇપણ એકને મુખ્ય રસ તરીકે રાખી શકાય. જ ારે પાશ્ચાત્ય મહાકાવ્યોમાં માત્ર વીરરસને મુખ્ય રસ તરીકે વર્ણવી શકાય.
૨. ભારતીય મહાકાવ્યોમાં તેનું કાર્ય કોઇ સીમાથી બંધાયેલું હોતુ નથી જ ારે પાશ્ચાત્ય મહાકાવ્યમાં તેનું કામ થોડા જ દિવસો સુધી સીમિત હોય.
૩. ભારતીય મહાકાવ્યનો નાયક હંમેશા વિજય જ પ્રાપ્ત કરે છે અને તે શ્રેષ્ઠ ચરિત્રવાળો હોય છે. જ ારે પાશ્ચાત્ય મહાકાવ્યનો નાયક હારે પણ છે.
૪. ભારતીય મહાકાવ્યનો નાયક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ પુરુષાર્થમાંથી ગમે તેના તરફ લક્ષ્ય પ્રાપ્તિ રાખે છે. જ ારે પાશ્ચાત્ય નાયકમાં પોતાના બાહુબળ ઉપર તેનું કાર્ય અપેક્ષિત હોય છે.
૫. ભારતીય મહાકાવ્યોમાં દૈવીશકિતત સાક્ષાતરૂપે મદદરૂપ થાય છે જ ારે પાશ્ચાત્ય મહાકાવ્યમાં દૈવીશકિતત અપ્રત્યક્ષરૂપે મદદ કરે છે.

૬. ભારતીય મહાકાવ્યમાં બાહ્ય લક્ષણો તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે જ ારે પાશ્ચાત્ય મહાકાવ્યમાં લક્ષણો તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે.

ભારતીય મહાકાવ્યો અને પાશ્ચાત્ય મહાકાવ્યોનું નિરીક્ષણ કરતા ખ્યાલ પડે છે કે મહાકાવ્યોની રૂપરેખા કે રચનાશૈલીમાં ભિન્નતા હોવા છતાં ઉદ્દેશ્યમાં કોઇ અંતર નથી. બન્ને મહાકાવ્યોમાં સમાનતા તથા થોડેઘણે અંશે ભિન્નતા પણ જોવા મળે છે. દરેક પ્રદેશના કવિઓ પોત–પોતાની પરંપરાને જાળવીને કાવ્યનું ખેડાણ કરે છે. દરેક લેખકનો એક જ ઉદ્દેશ્ય હોય છે કે તે શ્રેષ્ઠ કૃતિનું સર્જન કરીને સમાજ સમક્ષ રાખે. લેખક પોતાની કૃતિ એક શ્રેષ્ઠ મનોરંજન તથા લોકોપયોગી બને તેવી આશા રાખે છે.

## ૪. મહાકાવ્યનું સ્વરૂપ

ભારતીય સમાજમાં જેમ જેમ સંસ્કૃતિનો વિકાસ થતો જાય તેમ તેમ માનવી પોતાના ઉન્નત અને ઉત્તમ વિચારીને સાહિત્યમાં રજૂ કરતો જાય છે. આ અનુભૂતિ ર્મિ, ભાવના, સંવેદના અને કલ્પના સાથે ભળીને કાવ્યનું રૂપ ધારણ કરે છે. સાહિત્યનું પ્રાચીન સ્વરૂપમાં પદ્યમય તેથી જ સર્જાયુ છે. સંવેદના અને વેદના નિર્માણ થાય પછી તે શબ્દદેહ ધારણ કરે છે. સંસ્કૃત સાહિત્યના મહાન કવિઓમાં જેની ગણના થાય છે તેવા ભવભૂતિ કહે છે કે શબ્દોમાં સૃષ્ટિ શોભાયમાન થાય છે. ઋગ્વેદ અને અન્ય વેદોમાં રમણીય પદ્ય જોવા મળે છે. ઋગ્વેદમાં પ્રાચીનતમ કવિતા જોવા મળે છે. ઋષિઓ પ્રકૃતિના વિવિધ રૂપો, શણગારને નિહાળે છે અને તેની અનુભૂતિ કહે છે. આવી અનુભૂતિમાંથી જ નવીનતમ કાવ્ય નિર્માણ થાય છે.

કવિ એટલે ભવિષ્યદર્શન કરી શકે તેવી સંવેદનશીલ કલ્પનાઓ છે. ઉપનિષદોમાં પણ ગંભીર, ગહન, કલ્પનારમ્ય વિચારો છે. આ ઉપરાંત પુરાણો વગેરેમાં પણ કાવ્યનાં અમૂલ્ય રત્નોનો ખજાનો છે. રામાયણ અને મહાભારત મહાકાવ્ય વિ ને અમૂલ્ય ભેટ છે. કાલિદાસ અને તેમના સમકાલીન કવિઓની સાથે સંસ્કૃત સાહિત્યનો પુનરુત્થાન યુગ શરૂ થયો હતો. પ્રાચીન શિલાલેખો દર્શાવે છે કે સાહિત્યનું સર્જન તો સતત ચાલુ જ હતું. આ યુગ પહેલા બધું સાહિત્ય પ્રાકૃતમાં હતું, પછી તે સંસ્કૃતમાં રૂપાંતરિત થયું તેવી પણ એક માન્યતા છે.

સંસ્કૃત સાહિત્યમાં કેટલાય સમયથી કાવ્યસર્જન સતત ચાલુ જ હતું. રામાયણ અને મહાભારત જેવા બે મહામૂલ્યવાન ગ્રંથો અને તેના વિવિધ સંસ્કરણો તેની સાક્ષી પૂરે છે. ગ્રીક સાહિત્યનાં ઇલિયટ અને ઓડિસી જેવા મહાકાવ્ય કરતાં પણ રામાયણ અને મહાભારતમાં અખિલાઇનું દર્શન, રાષ્ટ્રચેતના, ભારતીય જીવનદર્શન, પ્રકૃતિવર્ણન ઘણું વધારે છે. મહાભારત એક લાખ જેટલા શ્લોકોનું પ્રચંડ કદ ધરાવે છે. તેમાં આવતાં આખ્યાનો અને ઉપાખ્યાનો પાછળના કવિઓને પ્રેરણાનાં પીયૂષ પાતા રહ્યા છે, તથા પાતા રહેશે. રામાયણ આદિ કવિ વાલ્મીકિની અમર વાણી છે. વાલ્મીકિને ક્રૌંચ પંખીને પારધિને હાથે વીંધાતુ જોઇને જે શોક થયો તે શ્લોકમાં પરિણમ્યો હતો. વાલ્મીકિનું રામાયણ કાવ્યનાં ઉત્તમ શિખરો સર કરે છે. વાલ્મીકિ રામાયણનું પાત્રાલેખન, તેની રસનિષ્પતિ, તેનાં પ્રકૃતિવર્ણનો, સ્વાભાવિક રીતે પ્રયોજાયેલા અલંકારો, સંસ્કૃતિનું સમગ્ર સંપૂર્ણ દર્શન કઇ વસ્તુને ન વખાણવી ? આદિકવિ આર્ષદષ્ટા ઋષિ વાલ્મીકિએ સંસ્કૃત સાહિત્યને નવપલ્લવિત કર્યું છે.

સંસ્કૃત સાહિત્ય ઇ.સ. પૂર્વેની ચોથી સદીમાં વિકાસ પામ્યું હતું. જે શિલાલેખો આપણને મળે છે તે પણ સંસ્કૃત કાવ્યસાહિત્યની પ્રાચીનતા સિદ્ધ કરે છે. રુદ્રદામનનો શિલાલેખ, ઇ.સ. ની પ્રથમ સદીનો પુલમાવીનો શિલાલેખ, ચોથી સદીનો હરિષેણનો શિલાલેખ સંસ્કૃત કાવ્ય સાહિત્યની વિકાસ પ્રક્રિયાના ઉદાહરણો છે. રામાયણ અને મહાભારતનું કાવ્યત્વ વૈદિક અને લૌકિક સંસ્કૃત કાવ્યનો સંધિકાળ છે.

મહાકવિ કાલિદાસના યુગનું સાહિત્ય જે વખતે સંસ્કૃત કવિતા તેની ટોચ પર હતી. મહાકવિ ભારવિ થી અલંકાર યુગની શરૂઆત થઇ હતી. ભારવિમાં કાલિદાસની કેટલીક લાક્ષણિકતાઓ છે. પણ પછીના કવિઓએ કાવ્યનાં બાહ્ય કલેવર પર વિશેષ ધ્યાન આપ્યું. ભારવિના યુગ પછીની રચનાઓ પંડિતરાજ જગન્નાથ સુધી આ યુગ વિસ્તરે છે. આ યુગના કવિઓએ વિવિધ શાસ્ત્રોના નિમયો કાવ્યમાં લાગુ પાડ I છે. અલંકારો, વિવિધ છંદોના પ્રયોગો, વ્યાકરણનું પાંડિત્ય, શબ્દકોષ ઠાલવવાની નિપુણતા, પોતાની બડાઇ વગેરે હ્રાસોન્મુખ યુગની વિશેષતા છે. દીર્ઘ સમાસો જાણે કાવ્ય પર લાદી લાદીને તેના સ્વરૂપને બોજિલ તથા કદરૂપું બનાવાયું છે. હ્રાસોન્મુખ યુગમાં કાવ્યનાં રસ, ધ્વનિ, કલ્પનાવિહાર, અર્થરમણીયતા વગેરે તત્ત્યવોની ગેરહાજરી તથા તે તરફ બેદરકારી દેખાય છે. કાવ્યના નામે વિદ્વતાનું શ્રમસાધ્ય પ્રદર્શન એ જ આ યુગનું પ્રાપ્તવ્ય છે.

સંસ્કૃત કાવ્ય સાહિત્ય વીસમી સદી સુધી જીવંત રહ્યું છે. તેમાં હાઇકુ, ગઝલ, કજરી, કવાલી, વગેરે આધુનિક પ્રયોગો થતા રહ્યા છે. પ્રાચીન કાવ્યપ્રકારો મહાકાવ્ય, ખંડકાવ્ય, ગીતિ કાવ્ય, મુકતતક, સ્ત્રોત કાવ્ય, પ્રવાસ કાવ્ય વગેરે પણ તેમાં જળવાયાં છે. સંસ્કૃત કાવ્યસાહિત્ય તેની અપૂર્વ રચનારીતિ, વ્યંજનાની રમણીયતા, કલ્પનાઓની નવીનતા, સંગીતમફ શબ્દસંવાદિતા, છંદોના લય, માધુર્યની આકર્ષકતા, અલંકારવિન્સાયની અપૂર્વતાને કારણે ચિરંજીવ છે. સંસ્કૃત લલિત સાહિત્યમાં નાટ્યસ્વરૂપ અત્યંત લોકપ્રિય રહ્યું હતું. સંસ્કૃત સાહિત્યના મૂર્ઘન્ય કવિઓ મોટે ભાગે નાટકકારો હતા. કવિને માટે નાટકની રચના સામાજિક પ્રતિષ્ઠાનો વિષય હતો. આપણે આગળ જોયું તેમ "नाटकान्तं कवित्वम्" કહીને આ સ્વરૂપનું ગૌરવ કરવામાં આવ્યું હતું. આ સામાજિક મૂલ્યને કારણે સંસ્કૃત સાહિત્યમાં નાનાં–મોટા અનેક રૂપકોની રચના થઇ છે. આ બધાં રૂપકોમાં અમુક પ્રકારની સર્વસામાન્ય વિશિષ્ટતાઓ દષ્ટિગોચર થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં વિભિન્ન પંડિતોએ પોતાની બુદ્ધિ પ્રતિભા અનુસાર મહાકાવ્યોનું નિર્માણ કર્યું છે. મહાકાવ્યના સ્વરૂપની વાત કરવામાં આવે ત્યારે અલગ–અલગ વિદ્વાનોએ અલગ–અલગ મતોરજૂ કર્યા છે. આચાર્ય રુદ્રટ મહાકાવ્યના સ્વરૂપ વિશે જણાવે છે કે કોઇ પણ માનવીય પાત્રનું નિરૂપણ કરો ત્યારે તેનું અતિશ્યોકિતત પૂર્વક વર્ણન ન કરવું. મહાકાવ્ય વાચકને સત્ય ઘટના જેવું લાગવું જોઇએ. વધારે પડતું કાલ્પનિક વર્ણન કાવ્યના રસને ભંગ કરે છે એટલા માટે વાચક વર્ગ તેમાંથી સાચો ઉપદેશ પ્રાપ્ત ન કરી શકે. મહાકાવ્યમાં નાયક પોતાની શકિતતનું પ્રદર્શન કર છે પણ તે પ્રદર્શન માનવિની શકિતતની બહારનું ન હોવું જોઇએ. વચાકને મહાકાવ્ય કૃત્રિમ લાગવું ન જોઇએ.

આચાર્ય દંડીએ પણ કાવ્ય સ્વરૂપને દર્શાવતા નોંધે છે કે મહાકાવ્યમાં કોઇ એક ઘટનાને વર્ણવતું કથાનક હોવું જોઇએ. મુખ્ય કથાની ઘટનાને વર્ણવતુ પ્રાકૃતિક વર્ણન હોવું જોઇએ. કથાની શોભા વધારવા માટે નગર, પ્રકૃતિ, સ્વયંવબ વગેરેનું વર્ણન કરવું જોઇએ. નાયક શ્રેષ્ઠ અને પ્રતિભાસંપન્ન હોવો જોઇએ.

તેના જીવનમાં બધા જ ગુણો હોવા જોઇએ. નાયકનો મહાકાવ્યમાં હંમેશા વિજય જ થવો જોઇએ. તથા સામે પ્રતિપક્ષે ખલનાયકનો પરાજય દર્શાવવો. મહાકાવ્યમાં આવશ્યક બધા જ અંગોનું વર્ણન કરવું જોઇએ. તથા મહાકાવ્યના વિકાસ પ્રમાણે યોગ્ય રસોનું નિરૂપણ પણ કરવું જોઇએ. આમ મહાકાવ્યના સ્વરૂપ બાબતે વિદ્વાનોએ પોતાના મતો રજૂ કર્યા છે.

**૪.૧ નાયક :–**

મહાકાવ્યનો નાયક ભવ્ય અને ઉદાત્ત ગુણોવાળો છે. તે કોઇ મહાત્મા, દેવ અથવા શ્રેષ્ઠ ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલો હોવો જોઇએ. મહાકાવ્યના નાયકના જીવનમાં લોકોત્તરતાના ગુણો હોવા જોઇએ. આવી રીતે મહાકાવ્યનો નાયક ઉદાત્ત, ત્યાગી, પ્રિયંવદ, ચતુર, કુલીન, સુશ્રુત, દક્ષ, મધુર, વિનીત વગેરે ગુણોથી સભર હોવો જોઇએ. નાયક ધીર અને શાંત હોવો જોઇએ.

**૪.૨ કથાવસ્તુ :–**

મહાકાવ્યનું કથાવસ્તુ ઐતિહાસિક હોવું જોઇએ. અથવા કોઇ મહાપુરુષના જીવન પર આધારિત હોવું જોઇએ. મહાકાવ્યના કથાનકમાં બધી જ સંધિઓનો પ્રયોગ થયેલો હોવો જોઇએ. મહાકાવ્યમાં વસ્તુ સંગઠનનો મુખ્ય આધાર જ તે છે. મહાકાવ્યમાં આકસ્મિકતા તથા ચમત્કાર ઉત્પન્ન કરવા માટે એકાગ્રતા હોવો આવશ્યક છે. કવિની કલ્પના મહાકાવ્યમાં મહત્ત્યવનો ભાગ ભજવે છે. અનુત્પાદ્ય વસ્તુમાં પોતાની ઇચ્છા મુજબ ફેરફાર કરી શકાતો નથી. છતા પણ સૌંદર્ય, અલંકાર વગેરે બીજી વસ્તુઓ એટલી મહત્ત્યવની નથી. મહાકાવ્યનાં કથાવસ્તુમાં કવિ પ્રતિભા ખૂબ જ મહત્વની છે.

**૪.૩ શીર્ષક :–**

મહાકાવ્યનું શિર્ષક નાયક અથવા નાયિકા નામ કે કથાવસ્તુ પરથી આપવું જોઇએ. મહાકાવ્યનાં કોઇ મહત્ત્યવના પ્રસંગ કે ઘટનાને આધારે પણ શીર્ષક આપી શકાય.

**૪.૪. આરંભ :–**

મહાકાવ્યના લક્ષણ પ્રમાણે મહાકાવ્યનો આરંભ આશીર્વાદ, નમસ્કાર કે વસ્તુનિર્દેશથી થવો જોઇએ.

**૪.૫ સર્ગ :–**

મહાકાવ્ય તેના નામ પ્રમાણે મોટું કાવ્ય છે. તેથી તે સર્ગોમાં વહેંચાયેલું છે. મહાકાવ્યમાં આઠથી ઓછા અને ત્રીસથી વધારે સર્ગો ન હોવા જોઇએ. આમાં ત્રીસથી ઓછા અને બસોથી વધારે શ્લોકો ન હોવા જોઇએ. દરેક સર્ગમાં આવતા કથાનક અનુસાર તેનું નામ આપવું જોઇએ. સર્ગને અંતે અને ત્યારપછીના સર્ગના કથાનકનું સૂચન કરવું જોઇએ.

**૪.૬ રસ :–**

મહાકાવ્યમાં શૃંગાર, વીર કે શાંત રસમાંથી કોઇપણ એક રસને મુખ્ય રસ તરીકે વર્ણવવો.

અન્ય રસોને ગૌણ રસ તરીકે વર્ણવી શકાય. રસોની વિવિધતા એ મહાકાવ્યની વિશેષતા છે. મહાકાવ્ય રસ અને ભાવથી યુકતત હોવું જોઇએ.

**૪.૭. વર્ણનો :–**

મહાકાવ્યનો વિસ્તાર ખૂબ જ મોટો હોય છે. તે મહાકાવ્યનમાં જીવન સાથે સંબંધ ધરાવતું કથાનક હોય છે. તથા તેની કથાના વિકાસમાં વૃદ્ધિ કરે તેવા પ્રાકૃતિક વર્ણનો હોય છે. અરણ્યનું વર્ણન, પુષ્પોનું વર્ણન, આશ્રમનું વર્ણન, યુદ્ધનું વર્ણન, યજ્ઞોનું વર્ણન, ઉત્સવોનું વર્ણન, યાત્રાનું વર્ણન, પ્રવાસનું વર્ણન વગેરે પ્રકારના વર્ણનો મહાકાવ્યને રસપ્રદ બનાવે છે.

**૪.૮ અલંકાર :–**

મહાકાવ્ય વિવિધ અલંકારોથી અલંકૃત હોવું જોઇએ. તેમજ જરૂરિયાત મુજબ યોગ્ય અલંકારોનો પ્રયોગ કરવો જોઇએ. મહાકાવ્યમાં શબ્દગત અને અર્થગત એમ બંને પ્રકારના અલંકારોનો સમુચિત પ્રયોગ પણ જરૂરી છે. અલંકાર શકિતત હોવા છતાં પણ રસાનુરૂપ અલંકારોની યોજના કરવી જોઇએ.[૩૪]

**૪.૯ છંદ :–**

મહાકાવ્યના એક સર્ગમાં એક જ છંદન પ્રયોગ કરવો જોઇએ. અને સર્ગને અંતે છંદ પરિવર્તન થવું જોઇએ. કોઇ એકાદ સર્ગમાં કવિ પોતાનું છંદપ્રભુત્વ દર્શાવવા જુદા જુદા છંદો પ્રયોજી શકે.

**૪.૧૦ સંધિ :–**

મહાકાવ્યોના લક્ષણ પ્રમાણે તેમાં પાંચેય સંધિઓનો પ્રયોગ થવો જોઇએ.

**૪.૧૧ ઉદ્દેશ :–**

મહાકાવ્યનો ઉદ્દેશ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાંથી કોઇ એક અથવા વધારે પુરુષાર્થની પ્રાપ્તિનો હોવો જોઇએ.

સંસ્કૃત મહાકાવ્યોની રચના ભારતીય કાવ્ય સૌંદર્યની દષ્ટિએ પ્રેરિત થયેલી છે. સંસ્કૃત કાવ્યનો શ્રેષ્ઠ યુગ ભારતીય કળાના શ્રેષ્ઠ યુગ તરીકે ગણી શકાય. કેશવરાવ મુસળગાંવકરનાં મતે બધા જ વિદગ્ધ મહાકાવ્યોની રચના સાંપ્રત યુગમાં થઇ છે તે એક ચિંતાનો વિકાસશીલ આર્ષ કાવ્યોની જેમ મૌલિક પરંપરામાં નથી થઇ પણ વિશિષ્ટ કવિઓ વડે વિશિષ્ટ વાતાવરણમાં સાદશ્ય થયેલી છે અને તેથી આ બધા કાવ્યો અલંકૃત છે.[૩૫]

સંસ્કૃત સાહિત્યના મહાકાવ્યોનાં સર્જકો રાજાનો આશ્રય મેળવતા હતા છતાં પણ તેમના દબાણમાં કતયારેય ન આવતા હતા. તેઓ મહાકાવ્યોને શ્રેષ્ઠ રૂપમાં રજૂ કરતા હતા. મહાકાવ્યના આવશ્યક તત્ત્યવોમાં વર્ણપ્રધાનતા શૂરવીરના ગુણોથી યુકતત નાયકોનું સંપૂર્ણ પ્રજાજીવનનું આલેખન, પરંપરાથી પ્રતિસ્થાપિત લોકપ્રિય અને છંદયુકતત શૈલીને વિદેશી ચિંતકોએ પ્રમુખ તત્ત્યવો ગણ્યાં છે. જીવન પ્રત્યે આશા, જીવનમાં સંપૂર્ણ શ્રદ્ધા, શિવ તત્ત્યવનો વિજય વગેરે તત્ત્યવો ભારતીય મહાકાવ્યનાં લક્ષણોમાં આવે છે. એટલા માટે

ભારતીય મહાકાવ્યનો અંત સુખાન્ત હોય છે. પાશ્ચાત્ય વિદ્વાનોની દષ્ટિએ મહાકાવ્ય બૃહદ, વર્ણનની બહુલતાપ પ્રસિદ્ધ ઘટના અને શૈલીની અલંકૃતતા વગેરે પ્રમુખ તત્ત્યવો છે. આજે મહાકાવ્યોમાં કથાવસ્તુ ખૂબ જ નાનું હોય છે તથા વ્યકિતતગત માનસિક સંઘર્ષને વધારે મહત્ત્યવ આપ્યુ છે. છતાં પણ ભારતીય પંડિતોએ જે વ્યાખ્યા આપી છે તે કાયમ માટે અમર રહે છે.

સંસ્કૃત સાહિત્ય વિ   સાહિત્યમાં અમૂલ્ય છે. પ્રાચીન પંડિતોના પ્રયત્નને કારણે સંસ્કૃત સાહિત્ય વિ   માં પ્રસિદ્ધ થયું છે. મહાકવિ કાલિદાસ રચિત ‘અભિજ્ઞાનશાકુન્તલમ્’ મહાકાવ્યને વિ   માં પણ ખૂબ જ પ્રસિદ્ધિ મળી છે. જર્મન વિદ્વાન વગેરે ગેટે આ મહાકાવ્યને પોતાના માથા ઉપર લઇને નાચ્યા હતા. સંસ્કૃત મહાકાવ્યો ખૂબ જ પ્રસિદ્ધિને પામ્યા છે. પ્રાચીન આર્ષ મહાકાવ્યો રામાયણ અને મહાભારત બધા જ કવિઓની પ્રેરણારૂપ બન્યા છે. આ બન્ને મહાકાવ્યોની કથાનો આધાર લઇને સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય કૃતિઓની રચના થઇ છે. તેમાં મહાકાવ્યો શ્રેષ્ઠ છે. પંડિતોએ મહાકાવ્યના લક્ષણો આપ્યા છે અને તે પ્રમાણે વ્યવસ્થિત રીતે મહાકાવ્યોનું નિર્માણ પણ થયું છે. સંસ્કૃત સાહિત્યના મહાકાવ્યો પૂર્વ કવિઓએ વર્ણવેલાં લક્ષણો પ્રમાણે આકારિત થયા છે.

# પ્રકરણ – ૨ સંસ્કૃત મહાકાવ્ય

## પાદટીપ

01. संस्कृत साहित्य का इतिहास        ले. आचार्य बलदेव उपाध्याय – पृ.९०
02. रामायण – बालकांड, २-३६
03. इतिहासोत्समादस्माद् जायन्ते... उपजिव्यो भविष्यति ।।
04. कर्ता काव्यस्य महत: कव पार्थी: मुनि प्रभव: । – रामायण – ३ का ९४-२३
05. सर्गबन्धो महाकाव्यं महतां च महच्चत् । काव्यालंकार – ६ – ११
06. संस्कृत साहित्य का नवीन इतिहास – अनुवाद, विनयकुमार राय – २६१
07. The Heroic age of India - N. K. Sidhanta,        P.P. - 55-56
08. Ramayan of Valmiki - Raghu vira,        P.P. XLI- XLII
09. Studies in Epics and Puranas of India,
    - A.D.Pusalker : P.P..XLI-XLII
10. Ramayana, Bala kanda, Canto 2
11. Some Aspects of Literary Criticisn in Sanskrit , A. Sanskaran :
    P. P. 6-7
12. Ramayan, Bala kanda - canto2
13. सर्गबन्धो महाकाव्यप्रारब्धं .... सदाश्रयम् – अग्निपुराण – ३/५७/२४-३२
14. संस्कृत साहित्येतिहास: – आचार्य: श्रीरामचन्द्र मिश्र: -पृ. ३९
15. Bharavi : Kiratarjumiya, Ed. by K. P. Parab
16. Kumaradasa : Janki Harana, E.d. by G. R. Nandargikar.
17. Ratankar : Hara Vijaya, Ed. by Durga Prasad and K. P. Parab.
18. तत्र संस्कृत भाषा.... सेतुबन्धादि इत्यादि काव्याअुशासन – ८
19. संस्कृत काव्यशास्त्र का इतिहास – पी.वी. काणे, पृ. ४३५
20. काव्यालंकार – आचार्य भामह, प्रथम परिच्छेद – का. १९-२९
21. काव्यादर्श – दण्डी, कारिका, १४-१८
22. अग्निपुराणम् – महर्षि वेदव्यास, ३३७/२४-३४
23. साहित्यदर्णण – विश्वनाथ कविराज, पृष्ठ परिच्छेद का. ३१५-३२६
24. काव्यालङ्कार – आचार्य रुद्रट, द्वितीय संस्करण

25. अष्टसगान्त तु न्युनं त्रिंशतसर्गश्च नाधिकम् ।
महाकाव्यं प्रचुक्तव्यं महापुरूषकीर्तियुक्तम् ।। – अघोषना महाकाव्यो – पृ। १३

26. वाग्वैदग्ध्यप्रधानेऽपि रस एवात्र जीवितम् । – अग्निपुराणम् – ३३७/२३-२४

27. नेता विनीतो मधुरस्त्यागी दक्षः प्रियंवदः ।
रक्तालोकः शुचिर्गामी रूढवंशः स्थिरो युवा ।।
युद्धयुत्साह स्मृति प्रज्ञा कलामान समन्वितः ।
शूरो द्रढ तेजस्वी शास्त्रचक्षुश्व धार्मिकः ।। – दशरूपकम्, २/१,२

28. "All Primitive Epics deal brodly speking with the same subject matter. Their themes are furnished in Homeric Pharse, "The deeds of heroes, generally the great legendary heroes of a race and vast bodies of immemorial Hudson, an introduction to the study of Literature, Londan, George G. Harrap, 1910, first published, P.106.

29. "A book of the tribe, A vital record of cuttom and tradition and at the same time a story book for eneral entertainment." Merchant Paul, The Epic, John D. Jump, London, 1977, P. 1.

30. An Epic poem is by common consent a marrative of some length and deals with events wihich have a certain grandevr and importance and come from a life of action, especially of violent action such as war. Bowra c.m., from virgil to milton, St. Martin's Prees, New Yourk, 1945,P.16

31. "The epic of growth is fresh, spontaneous, racy. The Epic of Art is learned, antiquarian, bookish, imitative."

32. This sense of dedieation to the study of Literature, humbly sets out to bulid a superlatively spelendid cathedral to the gloy of god, is the characteristie of all major epic writers." Ress R. J. an introduction to English Literature, St. Martin's prees, Newyourk, 1966, P. 45

33. "Yet Heroic Poetry is one, whether of the East of West, the North or South. Its blood and temper are the same and the true-epic, wherever created, will be a marrative poem origanic in structvre, dealing with

great actions and great characters in a style commensurdte with the lordliness of its theme, which subject by means of episode and amplifieation." Dixon, M., English Epic and Heroic poerty, P.24

34. ધ્વન્યાલોક – આનંદવર્ધન, ઉદ્યોત ૪/૪

35. संस्कृत महाकाव्य की परंपरा – केशवराम मुसलगांवकर, पृ. २३६